**સુવિચાર**
શિક્ષણ જરૂર વધ્યું છે પણ સંસ્કારની તાલીમ ઘટી છે. જેની પાસે વિદ્યા ઓછી હોય છે તેનું જ ગુમાન વધારે હોય છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૩/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
COMING SOON
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૦૭૪

## જિલ્લાની જનતા હવે, વિકાસની માંગ સાથે વિચારીને ચોક્કસ મતદાન કરશે

# સાંસદ ભલે ગમે તે બને અમરેલી જિલ્લાનો વિકાસ કરજો

**જિલ્લામાં સામાન્ય પરિવારમાં જન્મીને રાજકીય ક્ષેત્રે સફળતાનાં શિખરો અનેક નેતાઓએ સર કર્યા છે**

**કરોડો રૂપિયામાં આળોટતા નેતાઓ જિલ્લાની જનતાને તમામ સુવિધા આપે તે જરૂરી**

**ખેતી અને હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં નહી આવે તો આર્થિક ક્ષેત્રે ગંભીર પરિસ્થિતિ**

**જિલ્લાનાં હજારો યુવાનો પરિવાર સાથે રોજગારી, શિક્ષણ માટે સ્થળાંતર કરવા મજબુર હોય અટકાવો**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લો જેણે ગુજરાત રાજયને પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા આપ્યા પણ કરમની કઠણાઈ છે કે અમરેલી જિલ્લાને પછાત પણાનું લેબલ હજુ આઝાદીના આટલા વર્ષો વીત્યાં બાદ પણ ગયું નથી. ત્યારે લોકસભાની ચૂંટણીઓ નજીક હોય ને ગુજરાતની ૧૫ બેઠકોની યાદી રાષ્ટ્રીય ભાજપે જાહેર કરી દીધી છે બાકીની ૧૧ બેઠકોમાં અમરેલી લોકસભાની બેઠક પર ભાજપે હજુ મગનું નામ મરી નથી પાડયું. ત્યારે અમરેલી જિલ્લાની ૫ બેઠકો સાથે ભાવનગરની મહુવા અને ગારીયાધાર વિધાનસભા બેઠક એમ કુલ ૭ વિધાનસભા બેઠકો મળીને અમરેલી લોકસભાની ૧ બેઠક થઈ રહી છે.

અમરેલી જિલ્લો ખેતી અને હીરા ઉદ્યોગ પર નિર્ભર જિલ્લો છે ને હીરા ઉદ્યોગ ભાંગીને ભુક્કો થઈ ગયો છે ને રત્ન કલાકાર બેકાર બન્યો છે ને હીરા ઉદ્યોગકારો પણ ટાંકા ટેભા કરીને રગડધગડ માંડ માંડ ગાડું ગબડાવી રહ્યા છે. રાજયમાં અમરેલી જિલ્લાએ પ્રતિભાશાળી નેતાઓ આપ્યા છે. ડો. જીવરાજ મહેતાથી લઈને મનુભાઈ કોટડિયા, નવીનચંદ્ર રવાણી, ખોડીદાસબાપા ઠક્કર, પુરૂષોત્તમ રૂપાલા, દિલીપ સંઘાણી, બાવકુભાઈ ઉંઘાડ, પરેશ ધાનાણી વીરજી ઠુમ્મર ડો. ભરત કાનાબાર જેવા સક્ષમ નેતાઓએ અમરેલી જિલ્લાનું કે તાલુકાનું પ્રતિનિધિત્વ કર્યુ છે પણ હજુ યુવા નેતાઓમાં મહેશ કસવાળા, કૌશિક વેકરીયા, પ્રતાપ દૂધાત, અંબરીશ ડેર જેવી નવી કેડરના નેતાઓ પણ રાજકીય ક્ષેત્રમાં આગળ છે. ત્યારે ધંધા-રોજગાર અને રોજગારી માટે અમર ડેરી અને પશુ પાલન સિવાય અન્ય કોઈ રોજગારીના વિકલ્પો નથી મળ્યા તે વાસ્તવિકતા વચ્ચે હજુ આઝાદીના ૭૫ વર્ષ વીત્યા બાદ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## શિવરાત્રીએ સિંહની શિવવંદના



સિંહો દેશની આન બાન અને શાન છે ને સિંહો જોવાનો ક્રેઝ પણ એટલો બધો છે કે દેશ વિદેશના લોકો સફારી પાર્ક કે સાસણ પસંદ કરે છે. પણ અમરેલી જિલ્લો સદનસીબ છે કે રોજ બ્રિજ સિંહોના વીડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થાય છે. એક એવો જ વિડીયો બૃહદના ગણાતા રાજુલાના કોવાયા ગામમાંથી રાત્રિના સિંહણે એક બિંદાસ લટાર મારી હતી. અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપનીની નજીક આવેલા કોવાયા મંદિરની નજીકથી સિંહણ અદભુત લાઈટ ડેકોરેટ મંદિર પાસેથી પસાર થઈ ત્યારે કાર ચાલકે આ વિડીયો આબાદ મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધો હતો.

### લાંબી તપાસનાં અંતે તંત્રને લાગ્યું કે માટી ચોરી થઈ છે

# અમરેલીની ગૌચર સર્વે નં. ૩૩૪ માંથી માટી ચોરીનાં બનાવમાં અંદાજિત ૧૪ લાખનાં દંડની આકારણી

**આરટીઆઈ એકટિવીસ્ટ નાથાલાલ સુખડીયાની લડત રંગ લાવી રહી છે**

અમરેલી, તા. ૮

અમરેલીનાં ગૌચર સર્વે નં. ૩૩૪ પૈકીની જમીનમાંથી ગેરકાયદેસર રીતે માટી ચોરી થતી હોવાની રજૂઆત આરટીઆઈ એકિટવીસ્ટ નાથાલાલ સુખડીયાએ કરતાં જવાબદાર તંત્રએ તપાસ શરૂ કરીને અંતે રૂપિયા ૧૩.૭૮ લાખની રકમ વસુલવા પાત્ર થાય છે તેમ જણાવેલ છે.

ખાણ-ખનિજ, મામલતદાર, ડીઆઈએલઆર અને નાનાસિંચાઈ વિભાગે સંયુકતપણે તપાસ કરીને દંડ રકમ વસુલવા ઉચ્ચ કક્ષાએ જણાવેલ છે.

|| મંગલ પ્રારંભ ||
ડાયમંડ ક્રેડીટ કો. ઓ. સો. લી. અમરેલી
**શ્રી ડાયમંડ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી**
સવિનય જય સહકાર સાથે અમારા કુળદેવી શ્રી ખોડિયાર માતાજી તથા શ્રી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમજ શ્રી નાગદેવતાની અસીમ કૃપાથી તા.૦૯-૦૩-૨૦૨૪ ને શનિવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સહકારી ક્ષેત્રમાં
**શ્રી ડાયમંડ ક્રેડીટ કો. ઓપરેટીવ સો. લી.**
નો મંગલ પ્રારંભ કરવા જઈ રહયા છીએ ત્યારે આપ સર્વેને પરિવાર સાથે પધારવા હાર્દિક નિમંત્રણ છે.
:: ઉદઘાટક ::
માન. શ્રી દિલીપભાઈ સંઘાણી
અધ્યક્ષ NCUI અને IFFCO
:: મહેમાનશ્રીઓની ઉપસ્થિતિ ::
માન. શ્રી કૌશિકભાઈ વેકરીયા (નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા)
શ્રી પરેશભાઈ ધાનાણી (પૂર્વ વિરોધ પક્ષ નેતા, ગુજરાત) | શ્રી વિરજીભાઈ ઠુંમર (માન. પૂર્વ ધારાસભ્યશ્રી) | શ્રી અશ્વિનભાઈ સાવલિયા (અધ્યક્ષશ્રી અમરડેરી)
શ્રી મનિષભાઈ સંઘાણી (ગુજરાત પ્રદેશ બી.જે.વાય.એમ. ઉપાધ્યક્ષ)
:: સ્થળ ::
શ્રી ડાયમંડ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી.
મન પ્લાઝા, લક્ષ્મી ડાયમંડ સામે, બટારવાડી અમરેલી.
:: નિમંત્રક ::
લલિત ઠુંમર
અધ્યક્ષશ્રી : ડાયમંડ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી.
તથા તમામ બોર્ડ ઓફ ડાયરેકટર્સ
::બોર્ડ ઓફ ડીરેકટર્સશ્રીઓ ::
શ્રી લલિતકુમાર લક્ષ્મણભાઈ ઠુંમર
શ્રી કાળુભાઈ મોહનભાઈ સુહાગીયા
શ્રી પ્રવિણભાઈ કાળુભાઈ ગજેરા
શ્રી હાર્દિકભાઈ હિંમતભાઈ સેંજલીયા
શ્રી હરેશભાઈ કાનજીભાઈ ધડુક
શ્રી જયસુખભાઈ લાલજીભાઈ કાકડિયા
શ્રી મહેશભાઈ નાનજીભાઈ રાખોલિયા
શ્રી દિનેશભાઈ વિનુભાઈ જાવિયા
શ્રી ઘનશ્યામભાઈ મનસુખભાઈ પેથાણી
શ્રી વિનોદરાય ભવાનભાઈ ડોબરીયા
શ્રી ચંદુભાઈ નાગજીભાઈ બોરૈયા

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૧૦૧૭ ૬૧૭૫૭ | કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪ | મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...



સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૭૪ ૫૮૫૪૭

મંગલ પ્રારંભ
સુખ,સગવડ અને શાંતિથી છલોછલ...
Sankalp સંકલ્પ 3
કોમર્શીયલ પ્લોટીંગ
આપના વ્યવસાયને નવી દિશા તેમજ પરિવારની ખુશીઓ માટે અમો લાવ્યા છીએ એક નવું સરનામું...
સંકલ્પ-૩
જયાં પ્રવેશ કરતા જ આપને આનંદની લાગણી અનુભવાય, જયાં પ્રત્યેક પળ બની રહે સુખમય અને સંતોષમય.
તા.૯-૩-૨૦૨૪ ને શનિવારના રોજ સંકલ્પ-૩ના મંગલ પ્રારંભમાં આપને પધારવા અમારૂં હાર્દિક નિમંત્રણ છે.
મંગલ પ્રારંભ : સવારે ૯:૦૦ કલાકે
સાંજે ૭:30 કલાકે ભોજનની રંગત સાથે માણીશું
: સ્થળ :
સંકલ્પ-૩, લીલીયા રોડ, સંકલ્પ-૨ની સામે, અમરેલી.
:: નિમંત્રક ::
કૌશલ રામાણી ૯૪૨૮૭ ૯૮૦૯૪ | દિપક મહેતા ૯૪૨૯૨ ૪૩૩૨૪ | દર્શિત મહેતા ૯૯૯૮૪ ૮૩૨૨૦
:: શુભેચ્છક ::
ડો.ડી.એમ.ઉનડકટ

## ગુજરાતનાં દાહોદ, ગોધરા વિગેરે વિસ્તારમાં ઉત્સાહનો માહોલ

# કોંગી નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં પ્રચંડ જનમેદની

**જાહેરસભામાં જાતિ આધારિત વસતી ગણતરી, આદિવાસીઓનાં ન્યાયની વાત કરી**

**દેશભરમાં સૌથી મોટી સમસ્યા બેરોજગારી અને મોંઘવારી હોવાનું જણાવ્યું**

**દેશનાં મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓનાં જ અચ્છે દિન આવ્યાનો કર્યો આક્ષેપ**

**આમ આદમી પાર્ટીનાં રાજયનાં ટોચનાં આગેવાનો પણ ન્યાય યાત્રામાં ઉપસ્થિત રહ્યા**






દાહોદ, તા. ૮

કોંગ્રેસનાં રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાયયાત્રાનો દાહોદ જિલ્લાનાં ઝાલોદથી ગુરૂવારે ગુજરાતમાં પ્રવેશ થયો હતો. ઝાલોદમાં જનસભાને સંબોધતા રાહુલે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવથી માંડીને જાતિ આધારિત વસતી ગણતરી, આદિવાસીઓના પ્રશ્નો, બેરોજગારી જેવા મુદાઓ ઉઠાવવા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અદાણી જેવા માનીતા ઉદ્યોગપતિઓને દેશની સંપત્તિ સોંપી દેવાનો આરોપ મુકી આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ નેતાએ એવો પણ મુદો ઉઠાવ્યો કે, 'દેશના ઉદ્યોગપતિઓમાં પછાતવર્ગને પ્રતિનિધિત્વ જ મળ્યું નથી.'

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ''મોદી સરકારે અદાણીને બધું વેચી દીધું છે. ભારતના એરપોર્ટ, પોર્ટ, માઈનીંગ, પાવર જનરેશન, સોલર પાવર, વિન્ડ પાવર, જયાં જુઓ ત્યાં એક જ વ્યકિત દેખાશે. બધુ ગણાવીશ તો બે કલાક લાગી જશે. દેશના બે થી ત્રણ ટકા લોકોને દેશની બધી સંપત્તિ સોપી દીધી છે. તમારા ખિલ્લામાંથી રૂપિયા સીધા ઉદ્યોગપતિઓને જઈ રહ્યા.'' તેની સાથે તેમણે કહ્યું કે દેશનો સૌથી મોટો પ્રશ્ન બેરોજગારી છે. નરેન્દ્ર મોદીની રાજનીતિ અરબપતિઓને મદદ કરવાની છે. પબ્લીક સેકટર પ્રાઈવેટાઈઝેશન તરફ વળી રહ્યા છે.

તેમણે જાતિ આધારિત વસતી ગણતરી, આદિવાસીઓની વસતી અને તેમની ભાગીદારી તથા બેરોજગારી મુદે સરકાર પર પ્રહારો કર્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે, આદિવાસીઓની વસતી આઠ ટકા છે, જયારે આદિવાસી અધિકારીઓની ભાગીદારી છ ટકા છે. સાથે જ તેમણે જાતિ આધારીત વસતી ગણતરી નહીં કરાવી આદિવાસી પછાત વર્ગને અન્યાય કરવામાં આવી રહ્યોદ હોવાનો ભાજપ પર આક્ષેપ મુકયો હતો.

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો મુદો ઉઠાવી રાહુલે પ્રશ્ન કર્યો કે, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દેશના રાષ્ટ્રપતિ જોવા મળ્યા નથી. કેમ કે તે આદિવાસી સમાજમાંથી આવે છે એની સાથે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉદ્યોગપતિઓ અને ફિલ્મ સ્ટારોનો જમાવડો હતો. અંદર ફકત આરએસએસ વાળા હતા. તમે મંદિરમાં ખેડૂત, મજૂર, દલિત, આદિવાસી નહી જોયા હોય. અદાણી, અંબાણી, બોલીવુડ, ક્રિકેટરોને જ જોયા હશે. જયારે સામાન્ય નાગરિકોની હાજરી ન હોવાની વાતની ટીકા કરી હતી.

તેમણે આર્મી જવાનો અને અગ્નિવીરોની તુલાના કરીને અગ્નિવીરો થઈ રહેલા અન્યાયના મુદે તંત્રની ઝાટકણી કાઢી હતી. અગ્નિવીરોના મુદે રાહુલે જણાવ્યું હતું કે, સરકારને તાલીમ અને પેન્શનનું બજેટ ઘટાડવું છે, શસ્ત્રોનું બજેટ વધારવું છે, પણ શસ્ત્રોના તમામ કરાર જલઈએ. જેવા કે ડ્રનના કરાર, હથિયારના કરા, તમામ એક જ વ્યકિતને જાય છે. નવી રાયફલ આવે તે ઈઝરાયલમાં બનતી હોય છે. અદાણીનું જોઈન્ટ વેન્ચર છે. પહેલા કારતૂસ ભારતીય કંપની બનાવતી હતી. હાવનારા દિવસો દારૂગળા, કારતૂસ અદાણી બનાવશે. રાયફલ અદાણી બનાવશે અને હિન્દુસ્તાનની આર્મી ખરીદશે.

રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાતમાં આવી પહોંચતા ઝાલોદની ઘાવડીયા ચેકપોસ્ટ પર ગુજરાત કોંગ્રેસ દ્વારા યાત્રાને આવકારવામાં આવી હતી. ચેકપોસ્ટથી યાત્રા બાઈક રેલી સ્વરૂપે યાત્રા ઝાલોદ પહોંચી હતી જયાં રાહુલ ગાંધીએ જાહેરસભાને સંબોધીત કર્યુ હતું.

## કામો લાવવાની કુનેહનો સંયોગ એટલે ધારાસભ્ય કસવાળા

# સા.કુંડલા–લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં વધુ ૭૨ કરોડની મંજુર કરતી રાજય સરકાર

**સા.કુંડલા–લીલીયા વિસ્તારમાં રસ્તા, બ્રિજ, પ્રોટેકશન દીવાલ સહિતના કામોની વણઝાર**

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા વિધાનસભાને ગુજરાતના નકશામાં અગ્રેસર લાવવાની ખવાહીશ ઢ મહેશ કસવાળા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સહૃદય આભાર મહેશ કસવાળા સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રમાંના ભૂતોના ભવિષ્યમાં અંગે રાજય સરકારમાં સતત રજૂઆતો કરીને કામોની કાર્યદક્ષતા સાથે કામ કરવાની કુનેહનો અદભુત સંયોગ આ વખતે ચૂંટાઈને આવેલા જન પ્રતિનિધિ મહેશ કસવાળાએ સાબિત કરી બતાવ્યો છે કે અગાઉ પીવાના પાણીથી લઈને ડેમો ભરવા સાથે રોડ રસ્તાઓલ સ્પોટ્સ સંકુલલ ડ્રેનેઝ સુવિધાઓ સહિત શહેર કે ગામડું વિકાસથી વંચિતના રહે તેની તકેદારી રાખીને કરોડોની ગ્રાન્ટો રાજય સરકાર માંથી મંજૂરી લાવ્યા બાદ વધુ એક મોર પીચ્છ સમાન સાવરકુંડલા લીલિયાના ગ્રામીણ ગામડાઓ માટે ૭૨ કરોડ જેવી માતબર રકમ સરકાર માંથી જોબ નંબર સાથેની મંજૂરી મેળવીને ધારાસભ્ય મહેશ કસવાળાએ ચૂંટણી ટાઈમે આપેલા વચનો એક વર્ષના ગાળ ામાં જ પૂર્ણ કરીને નવા કામોની રૂપરેખાઓ તૈયાર કરીને ગામડાઓ ભાજપ સરકારના વિકાસના અભિગમને સ્પષ્ટ જોઈ શકે તેવા ઉડીને આંખે વળગે તેવા કામો ધારાસભ્ય મહેશ કસવાળાએ મંજૂર કરાવ્યા છે. જેમાં ઘોબાથી ઠાસા રોડ પર મેજર બ્રિજ ૧૧ કરોડ, લીલીયાના અંટાળીયા મહાદેવથી સાજણટીંબા–હરીપર રોડ પર માઈનોર બ્રિજ ૨ કરોડ ૫૦ લાખ, ગાધકડાથી કલ્યાણપૂર રોડ પર બોકસ કલ્વટ ૨ સ્પાન અને પ્રોટેકશન દીવાલ ૬૭ લાખ, વાંશીયાળી–જેજાદ રોડ બોકસ કલ્વટ ૨ સ્પાન અને પ્રોટેકશન દીવાલ ૬૭ લાખ, ધજડીપરાથી ખોડીયાર મંદિર માયનોર બ્રિજ ૩ સ્પાનલ ૭ મીટર અને પ્રોટેકશન દીવાલ ૧ કરોડ ૨૦ લાખ, મેવાસા એપ્રોચ રોડ માયનોર બ્રિજલ પ્રોટેકશન દીવાલ માટે ૧ કરોડ ૫૦ લાખ, ફિફાદ–ઘોબા– પીપરડી રોડ હયાત જર્જરીત બોકસ કલ્વટની જગ્યાએ માયનોર બ્રિજ અને પ્રોટેક્શન દીવાલ ૧ કરોડ ૨૦ લાખ, જીરા–આંબા રોડ હયાત લો લેવલ કાઝવેથી બોક્સ કલ્વટ અને પ્રોટેક્શન દીવાલ ૬ કરોડ, અભરામપરા– આંબરડી રોડ પર માયનોર બ્રિજ અને પ્રોટેક્શન દીવાલ ૬૦ લાખ, થોરડી, ઘનશ્યામનગર રોડ સ્લેબ ડ્રેઈન અને પ્રોટેક્શન દીવાલ ૪૦ લાખ, પીઠવડી– ધાર કેરાળા રોડ ૨ માયનોર બ્રિજ વેટેડ કાઝવે અને પ્રોટેક્શન દીવાલ માટે ૧ કરોડ ૫૦ લાખ, પીઠવડી–ગણેશગઢ– ગાધકડા રોડ માયનોર બ્રિજ ૨ વેટેડ કોઝવે પ્રોટેક્શન દીવાલ ૭૦ લાખ, ધાર– મોલડી રોડ માયનોર બ્રિજ ૨ સ્પાન વેટેડ કોઝવેલ પ્રોટેક્શન દીવાલ માટે ૭૦ લાખ, સિમરણ નાના ભામોદ્રા રોડ માયનોર બ્રિજ ૬૫ લાખ, ખારા– કૂતાણા–ભોરિંગડા રોડ માયનોર બ્રિજ ૧ કરોડ ૨૦ લાખલ કૂતાણા એપ્રોચ રોડ માઈનોર બ્રિજ ૨ કરોડ ૫૦ લાખ, ભોરીંગડાથી ચારોડિયા રોડ જિલ્લા હદ સુધી માઈનોર બ્રિજ ૬૦ લાખ, ગુંદરણ–પાંચ તલાવડા રોડ માયનોર બ્રિજ ૬૦ લાખ, હરીપર–એકલારા રોડ માયનોર બ્રિજ ૬૦ લાખ, ખારા ઢાગલા રોડ માયનોર બ્રિજ ૧ કરોડ ૪૦ લાખ, પુતળીયા એપ્રોચ રોડ માઈનોર બ્રિજ ૬૦ લાખ, હાથીગઢ ખારા રોડ માઈનોર બ્રીજ ૭૦ લાખ,લ જીરાથી ચાંદગઢ રોડ નોન પ્લાનમાં માઈનોર બ્રિજ એપ્રોચ રોડ ૬૦ મીટર માટે ૧ કરોડ, ધાંડલાથી દોલતી વચ્ચે જામવાળી નદી પર વેંટીલેટેડ કોઝવે ૮ રો. ૧૨૦૦ મી.મી. ના પાઈપ અને પ્રોટેક્શન દીવાલ માટે ૮૦ લાખ, મેંકડા ઈંગોરાળા નોન પ્લાન રોડ બોક્ષ કલ્વટ અને પ્રોટેક્શન દીવાલ માટે ૬ કરોડ, મેંકડા–શેલણા નોન પ્લાન રોડ પર માઈનોર બ્રિજ પ્રોટેક્શન દીવાલ માટે ૬૫ લાખ, લુવારા–જૂના ગોરડકા રોડ પર બ્રિજ કમ ડેમ અને પ્રોટેક્શન દીવાલ માટે ૧ કરોડ અને કાંકચ કેરાળા રોડ પર મેજર બ્રિજ માટે ૧૪ કરોડ જેવી રકમ સાથે કુલ ૭૨ કરોડની રકમ રાજય સરકારમાંથી ધારાસભ્ય મહેશ કસવાળા મંજૂરીની મહોર મારીને લાવતા ગ્રામીણ ગામડાઓના માર્ગો બ્રિજોલ કોઝવેલ ચોમાસા ટાઈમે જરૂરિયાત મુજબની પ્રોટેક્શન દીવાલ સહિતના કામો જોબ નંબર સાથે લાવીને ધારાસભ્ય મહેશ કસવાળાએ નામના નહિ પણ કામના કસવાળા સાવરકુંડલા લીલીયા ક્ષેત્રમાં સાબિત થયા હોવાનું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાજુલાની એન્જલ મહેતા રાજય કક્ષાએ શ્રેષ્ઠ અભિનયમાં બીજા નંબરે



રાજુલા, તા. ૮

રાજુલા સરકારી કન્યા શાળા નંબર ત્રણમાં અભ્યાસ કરતી ધોરણ છ માં અને ઉંમર વર્ષ ૧૧ ખુબ જ નાની વયે ખુબ જ મોટું નામ ધરાવતી એન્જલ મહેતાએ ગુજરાત રાજયકક્ષાએ શ્રેષ્ઠ અભિનયમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. ત્યારે રાજુલાની આ કન્યાશાળા ખુબ જ ગર્વ અનુભવે છે. સાથે સાથે આ એન્જલ મહેતાએ આ સિવાય વકૃત્વ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ આ એન્જલ મહેતા પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ હતો અને ઝોન કક્ષાએ વકૃત્વ સ્પર્ધામાં પણ આ એન્જલ મહેતા અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા જશે ત્યારે રાજુલા સરકારી શાળામાં આ ભણતી નાની એવી એન્જલ ખુબ જ મોટી નામના ધરાવે છે. તેમજ રાજુલા શહેરનાં વિવિધ સરકારી કાર્યક્રમોમાં તેમજ બહારની જાહેર સભાઓ પણ એન્જલ પોતાની વિવિધ કાર્યશૈલીથી સ્પીચ આપી જન–જાગૃતિ માટે કામ કરી છે.

## ભાજપનાં અગ્રણીમાં રોષ ફેલાયો

# બાબરામાં હાઈવે ઉપર ટ્રાફિક વિભાગ દ્વારા થતા ઉઘરાણાની ફરિયાદ

**ગૃહમંત્રી હર્ષ સંઘવીને રજુઆત કરાઈ**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા પંચાયતનાં બાબરા પંચકના જિલ્લા પંચાયતના સદસ્યએ તેમની સરકારનાં પોલીસ વિભાગ દ્વારા થતાં ઉઘરાણાની ફરિયાદ ગૃહમંત્રી હર્ષ સંઘવીને કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, બાબરા પંથકમાં અંધેરી નગરીનેં ગંદુ રાજા જેવી પરિસ્થિતિ સર્જાય છે બાબરા શહેર અને તાલુકાના ગામોમાંથી આવતા છકડો રીક્ષાઓ બાઈકો તેમજ પેસેન્જર વાહનો ટ્રક ચાલકો પાસે બાબરા પોલીસ અને ટ્રાફિક પોલીસના હપ્તા રાજથી વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે ખેડૂતો દ્વારા પોતાનો માલ સમાન લઈ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય ત્યારે પોલીસો દ્વારા વાહનો રોકી જેમા કે રીક્ષા છોટાહાથી મીની ટ્રક જવા વાહનો પાસેથી હપ્તા ઉઘરાવવામાં આવે છે ઉલ્લેખનીય છે કે મોડી રાત્રે મોટા વાહનો વગર રોક ટોક પસાર થતા હોય છે જેમાં રેતીના ડમ્પર, ભંગાર ભરેલા ટ્રકો ઓવર લોડિંગ વાહનો પાસે હપ્તા બાંધવામાં આવ્યા હોય છે એટલા માટે રોકવામાં નથી આવતા ત્યારે નાના વાહનો માટે બાબરાના શાહ પેટ્રોલ પંપ મામાપીર મંદિર, ચિતલ રોડ, મારૂતિ હોટલ પાસે, તેમજ કરિયાણા ચોકડી સહિત ભાવનગર રોડ ઉપર સહયોગ હોટલ પાસે બાબરા ટ્રાફિક પોલીસના જમાદરો અડીંગો નાખીને બેઠા હોય છે આવતા જતા વાહન ચાલકો પાસે રોકડા નાણા ઉઘરાવવામાં આવે છે આવી ફરિયાદ બાબરા તાલુકાના ભાજપના આગેવાન અને જિલ્લા પંચાયતના સભ્ય આને બાબરા તાલુકા ભાજપના આગેવાન હિંમતભાઈ દેત્રોજાને ખેડૂતો દ્વારા કરવામાં આવી હતી આ અંગે તેઓએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.

## હોસ્પિટલનાં સંચાલકે ખુલાશો કર્યો

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં આંદોલન કરનાર વળતર મેળવવા હકકદાર નથી

**આંદોલન કરનારનાં આંખના મોતીયાનું ઓપરેશન કરાયું જ નથી**

અમરેલી, તા. ૮

અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલનાં પટાંગણમાં એક વૃધ્ધે વળતરની માંગ સાથે આંદોલન શરૂ કરતાં હોસ્પિટલનાં સંચાલકોએ દર્દીની માંગ અંગે ખુલાશો કર્યો છે.


તેઓએ જણાવેલ છે કે, હોસ્પિટલમાં તા. ૭/૩/૨૪ નાં રોજ ધરણા પર બેઠેલ દર્દી બાબુભાઈ ધાનાણીના કેસમાં જણાવવાનું કે, તેમણે આપેલ માહિતી તદન પાયાવિહોણી છે. તેમણે જણાવ્યા મુજબનું તેમનું કોઈપણ પ્રકારનું મોતીયાનું કે મણી બેસાડવાનું કે અન્ય ઓપરેશન અત્રેની હોસ્પિટલ ખાતે કરવામાં આવેલ નથી, તેઓ તા. ૨૨/૧૧/૨૨ નાં રોજ ફંગલ કોર્નિયલ અલ્સર એટલે કે કીકીમાં પડી ગયેલ ફુલ્લાની સારવાર લેવા માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા અને થેરાપ્યુટીક કેરેટોપ્લાસ્ટિક એટલે કે ટીપીકેની સારવાર માટે રાજકોટ સિવિલમાં જવાની સલાહ આપેલ હતી. તા. ૨૬/૧૧/૨૨ નાં રોજ તેમની રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી રજા થઈ તે દરમિયાન આપેલ ડિસ્ચાર્જ કાર્ડમાં પણ આંખમાં મોતિયા બિંદુ હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે જેથી અત્રેની હોસ્પિટલમાં મોતિયાનું ઓપરેશન થયેલ નથી જે સ્વયં સ્પષ્ટ છે.

વધુમાં જણાવવાનું કે તેમણે હોસ્પિટલ ધ્વારા ચાલાકીથી રેકોર્ડ તેમની પાસેથી લઈ લેવાનો આક્ષેપ કરેલ છે પરંતુ હોસ્પિટલ પાસેથી તપાસ કમિટી ધ્વારા બાબુભાઈ ધાનાણીની સારવાર અંગેના તમામ કાગળો લેખિતમાં માંગવામાં આવેલ હતા જે હોસ્પિટલે તપાસ કમિટીને ઓનરેકોર્ડ પુરા પાડેલ છે અને દર્દી પાસેથી સંસ્થાએ કયારેય કોઈપણ પ્રકારના તેમના કાગળ માંગેલ નથી.

સરકાર ધ્વારા નિમાયેલ તપાસ કમિટી સમક્ષ શાંતાબા જનરલ હોસ્પિટલમાં ઓપેરશન કરાવેલ તમામ દર્દીઓના નામ હોસ્પિટલ ધ્વારા રજુ કરવામાં આવેલ જેની તપાસ બાદ સરકાર ધ્વારા થયેલ આદેશમાં જેમને વળતર મળવા પાત્ર છે તેવા દર્દીઓની નામજોગયાદીનો સમાવેશ કરાયો હતો. જે મુજબ તમામ દર્દીઓને વળતર ચુકવી સંસ્થાએ સરકારનાં તમામ આદેશોનું પાલન કરેલ છે તેમ અંતમાં જણાવેલ છે.

# સા.કુંડલાના માર્કેટયાર્ડ ખાતે નારી શકિત વંદના કાર્યક્રમ યોજાયો






નારી તું નારાયણી એમ નથી કહેવાયું જે નારી શક્તિઓ થકી દેશ નવી આકંશાઓની ઉડાન ભરી રહ્યું છે તે નારી શક્તિઓ જે કાર્યો સાર્થક કરી બતાવે છે તેવા ઉજાગર થયેલા કાર્યોને વંદન કરવા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નારી શક્તિ વંદનાનો વર્ચ્યુઅલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતી વચ્ચે અલગ અલગ વ્યવસાય અને અલગ ક્ષેત્રમાં સિદ્ધિઓ સર કરી ચૂકેલી માતાઓ અને બહેનો માટે નારી શક્તિ વંદના કાર્યક્રમ સાવરકુંડલા એપીએમસી ખાતે ધારાસભ્ય મહેશ કસવાળાની પ્રેરક ઉપસ્થિતી વચ્ચે યોજવામાં આવેલ હતો જેમાં વિકસિત ભારત -વિકસિત ગુજરાત નારી શક્તિ વંદના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વ સહાય જૂથના મહિલા કાર્યકતાઓની ઉપસ્થિતિ વચ્ચે દેશના સ્વાભિમાન માટે ગર્વભેર ભારતીયોનું મસ્તક ઊંચું કરનારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની નારી શક્તિ વંદના કરવામાં આવી હતી ને આવી નારી શક્તિઓને સહાય અર્પણ કરવામાં આવી હતી આ પ્રસંગે સાવરકુંડલાના પ્રાંત કલેકટર, મામલતદાર, ટી.ડી.ઓ., ચીફ ઓફિસર સહિત ભાજપના પદાધિકારીઓ અને ભાજપ સંગઠન હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## કલમ ૩૭૦ની નાબુદીને કાળો દિવસ ગણાવવો એ અપરાધ નથી

# નાગરિકોને સરકારનાં નિર્ણયોની ટીકા કરવાનો અધિકાર : સુપ્રીમ

**કાનૂની મર્યાદામાં સરકાર સાથે અસંમત થવાનો અધિકાર બંધારણની કલમ ૧૯(૧)માં અપાયો છે**

**કલમ ૧૫૩નો આડેધડ ઉપયોગ કરવાથી લોકશાહી સામે પ્રશ્નો જમા થશે**

**બંધારણની કલમ ૧૯(૧) હેઠળ મળેલ નાગરિકનાં અધિકાર અંગે પોલીસ દળને શિક્ષિત કરવાનો સમય આવી ગયો છે**

**એક પ્રોફેસર સામે થયેલ કેસની સુનાવણી વખતે સર્વોચ્ચ અદાલતે નાગરિકોનાં અધિકારનો કર્યો ઉલ્લેખ**

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દેશના દરેક નાગરિકને સરકારના નિર્ણયોની ટીકા કરવાનો અધિકાર છે. કલમ ૩૭૦ નાબૂદ કરવાની ટીકા કરતી વ્હોટ્સએપ પોસ્ટના સંબંધમાં પ્રોફેસર વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ્દ કરવાનો આદેશ આપતા સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. પ્રોફેસર જાવેદ અહેમદ હઝમ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩છ (સાંપ્રદાયિક દ્વેષને પ્રોત્સાહન આપવી) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને તેમને બોમ્બે હાઈકોર્ટમાંથી આ સંબંધમાં રાહત મળી ન હતી. પ્રોફેસર જાવેદે વોટ્સએપ પર પોસ્ટ કરી હતી. ૫મી ઓગસ્ટ – જમ્મુ અને કાશ્મીર માટે કાળો દિવસ અને ૧૪મી ઓગસ્ટ – પાકિસ્તાનને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા. આ બંને પોસ્ટને વાંધાજનક ગણીને તેમની સામે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં કેસ નોંધવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દરેક નાગરિકને તેમના સ્વતંત્રતા દિવસ પર કોઈપણ અન્ય દેશને અભિનંદન આપવાનો અધિકાર છે. જો ભારતનો નાગરિક ૧૪મી ઓગસ્ટે પાકિસ્તાનના નાગરિકોને તેમના સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવે તો તેમાં કંઈ ખોટું નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાંની ખંડપીઠે કહ્યું હતું કે, ભારતનું બંધારણ કલમ ૧૯(૧)(એ) હેઠળ તેના નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ગેરન્ટી આપે છે. આ ગેરંટી હેઠળ દરેક નાગરિકને અધિકાર છે કે તે કલમ ૩૭૦ને ખત્મ કરવાના અથવા રાજ્યના તમામ નિર્ણયની ટીકા કરે. તેમને એ કહેવાનો પણ અધિકાર છે કે તેઓ રાજ્યના નિર્ણયથી ખુશ નથી. દરેક નાગરિકને જમ્મુ-કાશ્મીરની સ્થિતિમાં ફેરફારની ટીકા કરવાનો પણ અધિકાર છે. કલમ ૩૭૦ નાબૂદ કરવાના દિવસને કાળો દિવસ કહેવો એ પ્રતિકાર અને ગુસ્સાની અભિવ્યક્તિ છે. કોર્ટે કહ્યું હતું કે જો સરકારના નિર્ણયોની દરેક ટીકા અથવા વિરોધને કલમ ૧૫૩A હેઠળ ગુનો બનાવવામાં આવશે તો લોકશાહી ટકી શકશે નહીં. અસંમતિનો અધિકાર એ બંધારણની કલમ ૧૯(૧)(a) હેઠળ આપવામાં આવેલી ગેરન્ટી હેઠળ માન્ય અને કાનૂની અધિકાર છે. દરેક વ્યક્તિએ બીજાના અસંમતિના અધિકારનો આદર કરવો જોઈએ. સરકારી નિર્ણયો સામે શાંતિપૂર્ણ વિરોધ એ લોકશાહીનો આવશ્યક ભાગ છે.

## જાહેર જીવનનાં મહિલા પર કર્યો હુમલો

# સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડામાં રાજકીય આગેવાનની છત્રાછાયમાં એક શખ્સ બેફામ

**પિડીત મહિલાએ ''અમરેલી એક્સપ્રેસ''ને આપવીતી વર્ણવી**

**(પ્રતાપ ખુમાણ દ્વા)**

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામમાં એક શખ્સ બેફામ બન્યો છે. ગામના જાહેર જીવનના મહિલા આગેવાન ઉપર સરા જાહેર માથાના વાળ પકડીને હુમલો કરી મુંઢમાર મારેલ. તારીખ ૧ માર્ચના રોજ બનેલા બનાવ પછી આ શખ્સની હિંમત તો જુવો કે બનાવના બીજા દિવસે એટલે કે ૨ માર્ચે મોડી રાત્રે આ મહિલા આગેવાનના નળિયાવાળા રહેણાંક ઉપર મોડી રાત્રે પથ્થરમારો પણ કરેલ. આ મહિલા આગેવાનના પતિ ખાનગી ટ્રાવેલ્સમાં નાઈટ ડ્યુટીમાં હોવાથી પોતે એકલા જ ઘરમાં હોવાથી આખી રાત ફફડતા રહ્યા હતા. આ બીજા બનાવ પછી ડરતા ડરતા તા. ૩ માર્ચના રોજ સવારે આ મહિલા આગેવાને સાવરકુંડલા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં રૂબરૂ ફરિયાદ અરજી પણ નોંધાવેલ.

તંત્ર દ્વારા સામાન્ય હળવી કલમો લગાડી આ આરોપીને જામીન ઉપર પણ છોડી દીધેલ. અત્રે નોંધનીય બાબત એ છે કે, સામાન્ય રીતે કોઈપણ ગુન્હામાં આરોપીને ૨૪ કલાક કસ્ટડીમાં રાખવામાં આવે છે. પણ દરેક આરોપી દીઠ ત્રાજવાના તોલા અલગ અલગ હોય છે..! આ પછી જાણે કાયદાની કોઈ બીક ન હોય તેમ સરળતાથી કાયદો ઘોળીને પી જનાર શખ્સ આખા ગામમાં રૂવાબ છાંટતો ફરી રહ્યો છે.

'અમરેલી એક્સપ્રેસ'ને આ મહિલા આગેવાન દ્વારા ટેલિફોનથી સમગ્ર ઘટનાનું વર્ણન રડતા રડતા કરવામાં આવેલ છે.

હવે જો જાહેર જીવનમાં પડેલા સામાજિક મહિલા આગેવાનો પણ ફફડતા હોય તો આ ગ્રામ્ય વિસ્તારના સામાન્ય પ્રજાજનોની શું હાલત હશે તે સવાલ છે. આ મહિલા આગેવાન પોતાના પક્ષની આબરૂ બચાવવા પોતાનું સ્વમાન ગુમાવીને ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. અત્યારના આધુનિક વિકસિત જમાનામાં પણ હજી ગ્રામ્ય વિસ્તારોમાં નારી અબળા જ છે, એ આવા બનાવો સાબિત કરે છે. ત્યારે તમામે તમામ રાજકીય પક્ષોના આગેવાનોએ રાજકારણ કોરાણે મૂકીને પોતાની પ્રાથમિક ફરજ એ છે કે, જનતાની સેવા કરવા જાહેર જીવનમાં આવતી મહિલાઓને સબળા બનાવે એમનામાં ભરોસો પ્રસ્થાપિત કરે જેથી અન્ય મહિલાઓ જાહેર જીવનમાં આવતા અચકાય નહીં અને આવા તત્વોને જેમના હાથમાં કાનૂન દ્વારા સત્તા પ્રાપ્ત થઈ છે, તેઓ ખૂબ જ કડકાઈથી તેનો ઉપયોગ કરી જાહેરમાં કાનૂનનું રાજ છે તેની ભાન કરાવવી જરૂરી બની ગઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## કેસર... એક પરિવાર માટે કેસુડો બની ગઈ છે... ને જાણે આખુ કટુંબ કેસરમય બની ગયું

# સાવરકુંડલામાં અસાધ્ય બીમારથી પિડાતી પોતાની બાળકીની છેલ્લા ૬ વર્ષથી સેવા કરે છે એક માતા

**ડોક્ટરે કહ્યું કે બાળકી ૬ મહિના જીવશે પણ માતાની સેવાથી હજુ જીવન ધબકી રહ્યું છે**



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલામાં સોની પરિવારમા એક દંપતિને ત્યાં બાળકીનો જન્મ થયો પરંતુ બાળકીને જન્મથી જ અસાધ્ય રોગ હોય અને ડોકટરે કહ્યું કે આ બાળકી છ મહિના જ જીવશે પરંતુ માતાની સેવાથી આ બાળકી છ વર્ષથી હજી જીવન જીવી રહી છે.

કેસર નામની બાળકીને જન્મથી જ અસાધ્ય એવો રોગ જેનું નામ હાઈડ્રોસેફુલસ છે. જેમાં બાળકને માથામાં પાણી ભરાય છે અને માથાની સાઈઝ ખૂબ જ મોટી થઈ જાય છે અને છાતીથી પગ સુધીનો ભાગ બે મહિનાના બાળક જેટલો થાય છે. આ બાળકી કોઈ પણ પ્રકાર હલનચલન કરી શકતી નથી. ૨૪ કલાક ૩૬૫ દિવસ ફકત અને ફકત સૂતું જ રહે છે. કેસરને દ્રષ્ટિ નથી, આ રોગ જવલ્લે જ જોવા મળતો હોય છે. આ રોગનો ભોગ બનેલ બાળક માત્ર છ થી સાત મહિના જીવી શકે છે. પરંતુ છ વર્ષની કેસરની માતા કાજલબેન સોનીની સેવા, હૂંફ અને અથાગ પ્રેમે આ રોગના લક્ષણો ફેરવી નાખ્યા છે. કેસરને આ જન્મથી જ રોગની બીમારી હતી.

ડોકટરનું કહેવુ છે મેડિકલ સાયન્સ પૂરૂં થાય ત્યારે આવા કેસની શરૂઆત થાય છે. આ બાળક છ થી સાત મહિના જીવી શકે છે. કેસરના જન્મથી ડોકટરે કહ્યું હતું કે જયાં સુધી જીવે ત્યાં સુધી સેવા કરવી પડશે. બાળકને સવારે દૈનિક કાર્યથી લઈને એના ખોરાકની અને નવડાવવા ધોવડાવવાની સંપૂર્ણ જવાબદારી પુરા દિલથી એમની માતા કાજલબેન કરે છે. કાજલબેનના પતિ સત્યમભાઈ સોની સાવરકુંડલા ગુરૂકુળમાં શિક્ષક છે. પોતાની પત્ની સાથે ખભે ખભો મીલાવી સપોર્ટ કરે છે. હાલ અત્યારે કેસરબેન છ વર્ષના થયા છે. બાળકીની શ્રવણ શકિત સારી છે.

કાજલબેને જણાવ્યું હતું કે, દિવ્યાંગ બાળકોની સારી રીતે સારસંભાળ રાખવામાં આવે તો જરૂર તેમનું આયુષ્ય વધે છે. કાજલબેનની આ સેવાથી અન્ય લોકોને પણ દિવ્યાંગ બાળકોની સેવા પ્રત્યેની પ્રેરણા મળી રહે છે. કેસર નામની આ બાળકીની ખાલી કાનની શ્રવણ શકિત સારી છે કે જે એમના માતાનો અવાજ, પિતાનો અવાજ અને દાદીનો અવાજ ઓળખીને ખડખડાટ હસે છે.

## જિલ્લા દલિત કોંગી અગ્રણી શાંતિલાલ રાણવાનું નિવેદન

# અમરેલી જિલ્લાનાં મોટા ભાગના દલિત સમાજના આગેવાનો ભાજપમાં જોડાયા

**આગેવાનોને ભાજપને ઓળખી લેવા અનુરોધ**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા કોંગી અગ્રણી શ્રી શાંતિલાલ રાણવા ની યાદી જણાવે છે કે...જિલ્લાના મોટા ભાગના દલિત આગેવાનો ભાજપમાં ભળીને સત્યાનાશ તરફ વળી રહ્યા છે. ભાજપ એ કોમવાદી,ફાંસીવાદી પક્ષ છે.



આરએસએસની તમામ સંસ્થાઓ દેશદ્રોહી, કોમવાદી છે. જાતિ, જાતિ અને કોમ–કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવીને, ભાગલા પાડીને રાજ કરવાની નીતિ અપનાવીને દેશ ની અશાંતિની આગમાં ધકેલી રહી છે ત્યારે પૂ.બાબાસાહેબ ના બંધારણ ને નાબૂદ કરીને મનું સ્મૃતિ દાખલ કરીને ૮૫% લોકોને આજથી ૨૦૦/૫૦૦ વર્ષ જૂની સામાજિક સ્થિતિ માં ધકેલીને કાયમી પોતેજ રાજ કરે તેવા વ્યૂહ અપનાવી રહી છે. શું જિલ્લાના દલિતો ની આ સ્થિતિ સામે અવાજ ઉઠાવવાની ત્રેવડ છે ખરી ? તેવો વેધક સવાલ રાણવા એ ઉઠાવ્યો છે. લોકશાહી ખતમ કરીને તાનાશાહી માં રાચતી ભાજપ પાર્ટી ને કયારેય સાથ આપી શકાય નહિ. આ વાત દેશની એસ.સી., એસ.ટી. ઓબીસી અને લઘુમતીઓ એ સમજી લેવાની ખાસ જરૂર છે.આવી ભયંકર સ્થિતિમાં દેશને આઝાદ કરનાર, પાકિસ્તાનના ભાગલા કરનાર,અનેક પ્રકારની પબ્લિક સેક્ટરની સ્થાપના કરીને દેશનું નામ રોશન કરનાર કોંગ્રેસના હાથ મજબૂત કરવા જિલ્લા દલિત કોંગી અગ્રણી શાંતિલાલ રાણવા ની યાદી માં જણાવવામાં આવેલ છે.




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















# વાર્તા–વૈભવ

## ડાઘ

**– જિગીયા પાઠક**

દરવાજાની ઘંટડી વાગી. એના મગજના બધા તાર એકસાથે હલી ગયા. તેના હાથ થીજી ગયા હતા. જમીન પર પગ મૂકી શકતો નહોતો ! એદરમિયાન ઉપરાછાપરી ત્રણ – ચાર વખત ઘંટડીના અવાજોતેના માથામાં ઝીંકાયા. પોતાના ધબકારા તેને સાફ સંભળાતા હતા. તે માંડ માંડ પલંગ પરથી ઊભો થઈનેચાલવા ગયો ત્યાં ઓઢેલી ચાદર પગમાં અટવાઈ. તેનું સમતોલન ગયું અને પડી ગયો. એના મનમાં ત્યાં સુધી અનેક વિચારો વીજળીની ગતિથી પસાર થઈ ગયા. દરવાજા પર કોઈ જોરજોરથી હાથ પછાડતું હતું.ઢસડાઈનેએસહેજ આગળ વધ્યો.તેણે ઊભા થઈને ધ્રૂજતા હાથે દરવાજો ખોલ્યો. સામે ઊભેલી વ્યક્તિનો ફક્ત આકાર દેખાતો હતો.અંધારાને કારણેએનો ચહેરો દેખાતો નહોતો ! એકંઈક કહેવા ગયો પણ હોઠ સખત રીતેભિડાઈ ગયા હતા. જીભ અંદરની તરફ ખેંચાતી હોય એવું લાગતું હતું ! ગળામાંથી અવાજ નીકળી શકતો નહોતો ! તેસ્પર્શ કરવા જાય ત્યાં એપહેલાં આકાર અંધકારમાં ઓગળી ગયો ! એહાંફળોફાંફળો થઈનેએની પાછળ દોડવા ગયો પણ પગ જ ના ઊપડયા અનેબારસાખ પાસેફસડાઈ પડયો ! ઝબકીનેઅચાનક તેની આંખો ખૂલી ગઈ. આસપાસ અંધારૂં હતું. પરસેવો વળી ગયો હતો. તેનો શ્વાસ ઝડપથી ચાલી રહ્યો હતો. શરીર જાણે હલનચલન માટેતૈયાર નહોતું ! મનમાં વિચારોનો વંટોળ શરૂ થઈ ગયો હતો. સહેજ કળ વળી પછી એ પથારીમાં બેઠો થયો. આંખો ચોળીને આસપાસ નજર ફેરવી. ઝડપથી ઊભો થઈનેએ દરવાજા તરફ ગયો. સહેજ ખચકાટ સાથે ડરતાં ડરતાં દરવાજો ખોલવા તેણે હાથ લંબાવ્યા પણ હિંમત ના થઈ. એ પાછો વળી ગયો. એ પાણી પીને પાછો બેડરૂમમાં આવ્યો. ખખડતી બારી બંધ કરવા જતાં થોડી વાર ઊભો રહીનેએ બહાર જોતો રહ્યો. રાતની ભયાનક લાગતી શાંતિ અનેઆકાશનો ગાઢ અંધકાર તેની ભીતર પ્રવેશી ગયાં હતાં. છાતીમાં વચ્ચોવચ ઊંડો ઊતરીને ભીંસ ઊભી કરતો હતો ! પત્નીના ચહેરા પર બહારનો પ્રકાશ પડતો હતો. તેણે બારી બંધ કરી. પથારીમાં આવીને આડો પડયો એ સાથે ઝબકી ગયો, જાણે છાતી પર એ આકાર ચડી બેઠો હોય ! તેણે જોરથી આંખો બંધ કરી દીધી !સવારે તેની આંખો ઊઘડી ત્યારેબારી ખુલ્લી હતી. આંખો પર હાથ મૂકીને હળવેથી આંખો પર હાથ પસવાર્યા. થોડી વાર પંખાને જોતો પથારીમાં પડી રહ્યો. આગલી રાતનો ભાર તેના મગજ સાથે શરીર પર હાવી થઈ ગયો હતો. માથું ભારે થઈ ગયું હતું. ધીમેથી બેઠો થયો. આછા થયેલા વાળ સરખા કરતાં આસપાસ નજર ફેરવતો રહ્યો. બારી પાસે જઈને ઊભા રહીને છાતી પર હાથ ઘસતો હતો. તેની નજર કબાટના અરીસા પર ગઈ. પ્રતિબિંબ કોઈ અજાણ્યા માણસનું હોય એવું લાગતું હતું. તેના ચહેરા પર અસંખ્ય જાળાં રચાયાં હતાં. તેને પોતાની નજરથી જ ડર લાગ્યો ! અડધા ખુલ્લા રહેલા પડદાથી કાચને ઢાંકી દીધો.અચાનક કંઈ યાદ આવ્યું હોય એમ તેણે બાજુમાં ટેબલ પર હાથ ફેરવ્યો. નીચેનું ખાનું ખોલીને જોયું. બારી પાસે જઈને સહેજ થંભ્યો, ઓશીકું ઉઠાવીને જોયું. ગાદલું ઊંચું કરી જોયું. ઊંડી કોઠીમાં પૂરીને કોઈએ ઉપરથી ઢાંકણું બંધ કરી દીધું હોય એમ શ્વાસ રૂંધાતો હતો. અડધી ઉંમર વટાવીને જિંદગીનો બધો થાક અને ગુસ્સો જાણે હાથમાં ઊતર્યો હોય એમ બધી વસ્તુઓ ફંફોસવાનું શરૂ કર્યું. અવાજથી પત્ની રસોડામાંથી અંદર દોડી આવી ! 'આ શું માંડયું છે સવારના પહોરમાં ?' તેને થોડું વિચિત્ર લાગ્યું.

તેના તરફ એક નજર નાખી અને રૂમમાંથી બહાર નીકળી ગયો. પત્ની તેની પાછળ દોરાઈ. 'આખું ઘર કેમ માથે લીધું છે પણ ? મને કહો તો ખરા...શું શોધો છો ?

તેને જાણે કંઈસંભળાતું જ ન હોય એમ યંત્રવત બહારના રૂમમાં સોફો ખસેડયો. એની પાછળ જોયું. વિષુવળતા અકબંધ હતી. મગજમાં ગડમથલ ચાલતી હતી. પત્નીની નજરમાં કંઈક કુતૂહલ સાથે હવે વહેમ પણ ઉમેરાયો હતો. એ ફક્ત પોતે જ સાંભળી શકે એટલું ધીમેથી બોલ્યો,'ડાયરી !'પત્નીના કાને તેની નોંધ લઈ લીધી ! એના ચહેરા પર ઉત્કંઠા ઊભરાઈને આવી, તે કંઈ બોલે એ પહેલાં તો એ લગભગ દોડતો પાછળની તરફ આવેલા નાના ઓરડા તરફ ગયો. જિંદગીના કેટલાય ટુકડા અહીં કયાંક ને કયાંક વેરાયેલા પડયા હતા. એ ખૂણામાં પડેલા કબાટને ખોલીને ઉપરથી નીચે જોઈ રહ્યો. તેનો હાથ ફરતો ફરતો ખૂણામાં પાછળ પડી ગયેલી એક ડાયરી પર અટકયો. ડાયરી કાઢીને હાથમાં લઈને તેનાં પાનાં ઉથલાવવા લાગ્યો !

'કશું દેખાતું કેમ નથી ?'

પત્નીના ચહેરા પર કંટાળો દેખાતો હતો. એ પતિને ધારી ધારીને જોતી હતી. એ પણ દિગ્મૂઢ થઈને પત્ની તરફ જોઈ રહ્યો. પછી શૂન્યાવકાશમાં જોઈને બોલતો હોય એમ હોઠ ફફડયા,

'ખબર નથી આજે કેમ આવું બને છે !?'

'શું બન્યું છે હવે પાછું ?'

'કંઈ નહીં...' કંઈ સૂઝ ના પડી એટલે એ ડાયરી ટેબલ પર પછાડીને ઝડપથી ચંપલ પહેરીને ઘરની બહાર નીકળી ગયો. ટ્રાફિક ઓછો હતો. આગળ રસ્તા પર આવેલા પાનના ગલ્લા પર જઈને ઊભો. સિગારેટ લઈને સળગાવી. ઠૂંઠું નીચે ફેંકીને ઉપર જોતાં પાર્ક થયેલી ગાડીના કાચમાં પોતાનું પ્રતિબિંબ જોઈને ખિન્ન થઈ ગયો. તેણે આજુબાજુ નજર દોડાવી. નીચેથી એક પથ્થર ઉઠાવ્યો ! હવામાં હાથ અધ્ધર થયો ત્યાં ગાડીનો કાચ નીચે ઊતર્યો અને અંદર બેઠેલો માણસ તેને ગુસ્સામાં જોઈ રહ્યો અને કૈંક બબડયો પણ ખરો, પણ તેને તો કંઈ સંભળાતું જ કયાં હતું ! એ પથ્થર ફેંકીને ત્યાંથી નીકળી ગયો. ઘરે આવ્યો ત્યારે પત્ની કમ્પાઉન્ડમાં ફૂલછોડને પાણી આપી રહી હતી. પતિને આવતો જોઈ એના હાથ અટકી ગયા, પણ એ તો આસપાસ જાણે કોઈ હોય જ નહીં એમ અંદર જતો રહ્યો. તેના પેટમાં ગૂંચળાં વળતાં હતાં. તેણે બેડરૂમમાં જઈને પથારીમાં પડતું મૂક્યું. તે કયાંય સુધી પડખાં ઘસતો રહ્યો. એ છત તરફ તાકતો નિશ્ચેતન થઈને પડયો રહ્યો. એ કોઈક અંધારી ગુફામાં પ્રવેશ કરી રહ્યો. એની આંખો ખૂલી ત્યારે સમય શું થયો એની ખબર પડી નહીં. તેના શરીરમાં ઢીલાશ લાગતી હતી ! ઊભા થવાની ઈચ્છા તો નહોતી છતાંય એ ઊભો થયો. એની નજર સામે ગઈ તો પોતાની આંખો પર વિશ્વાસ નહોતો બેસતો. આખી દીવાલ અરીસો બની ગઈ હતી ! એ દીવાલ નજીક જઈને ઊભો રહ્યો.એને કલેન્ડર દેખાયું. તેમાં ૧૯૭૦ની સાલ દેખાતી હતી. એ દર્પણની અંદર પ્રવેશી ગયો.એ રોજ ત્યાં જઈને બેસતો. ભાઈબંધો સાથે ટોળટપ્પાં અને મજાક – મસ્તી સિવાય હજુ ખાસ કોઈ ગંભીર કામ વિશે વાત કરવાનું તો દૂર વિચારવાનું પણ સૂઝતું નહોતું. એ ઉંમર જ એવી ! આજુબાજુ જોવાની ફુરસદ જ કયાં હતી ? સામે થોડે દૂરના મકાનમાં દેખાતું સુંવાળ કારણ અહીં આવવા માટે પૂરતું હતું ! બારીના પડદાનાં વાદળો જરાક ખસતાં તો આંખો ત્યાં જઈને ટિંગાઈ રહેતી. એનો ચહેરો જો દેખાય ત્યારે ભરઉનાળે વરસાદ વરસી જતો. હવામાં સુગંધ ભળી જતી.કમનીય વેલ જેવી યુવતીને જોઈને તેની અંદર ગુલમોર મહોરી ઊઠતો ! કયારેક જો એ વેલની સાથે કાંટાળા થોર જેવો તેનો પતિ દેખા દઈ દે તો તેનો ચહેરો સૂકાભઠ્ઠ રણ જેવો થઈ જતો. એને ત્યાંથી અમસ્તુય પસાર થવું ગમતું. આંગણામાં ઊભેલીએ આંખોમાં ભીનાશ જોઈ ત્યારે શરૂઆતમાં તો ભ્રમ હશે એવું જ માનતો હતો. જોકે એ પછી એની આંખોમાં પણ કંઈક ઊગી નીકળ્યું હતું. આંખોથી થતા સંવાદોથી મનના ખૂણામાં લાગણીઓ વિસ્તરતી હતી. તે દિવસે રસ્તા પર એ બેફામ જઈ રહ્યો હતો. એની ચાલમાં અધીરાઈ હતી. આજે એને કોઈ અંતરાલ રોકી શકે એમ નહોતો. એના હાથ ભેગા થઈને ઘસાતા અને મસળાતા હતા. એ મોઢેથી ધીમી ધીમી વ્હિસલ વગાડતો જતો હતો. જેમ જેમ પેલું ઘર નજીક આવતું હતું તેમ તેમ તેની આંખોમાં કશુંક ઊભરાતું હતું ! એણે ઝડપ વધારી. થોડે દૂર બારીમાં પડદા પાછળથી એક નાજુક હાથ દેખાયો.રૂમાલ ફરકાવીને અંદર જતો રહ્યો.એ અટકયો પછી આજુબાજુ જોઈને ઘરના પાછલા દરવાજા તરફ ધસી ગયો. બંધ દરવાજાની પાછળ બેઠેલું કમનીય તોફાન એની આતુરતાથી રાહ જોઈ રહ્યું હતું. દરવાજો અંદરથી ખુલ્લો જ હતો. એ અંદર ગયો અને દરવાજો બંધ થઈ ગયો. સાડીમાં વીંટળાયેલી એ વેલ ફરતે તેના હાથ ભીંસાયા હતા. સમયના એ ટુકડામાં બધું સ્તબ્ધ અને કેદ થઈ ગયું હતું. અચાનક દરવાજાની બેલ વાગી અને ક્ષણભરમાં બધું ઓસરી ગયું. આંખોમાં ડર છવાયેલો હતો. બંનેના ચહેરા સફેદ થઈ ગયા ! બારણાં પર જોરથી કોઈ મજબૂત હાથ પછાડતા હતા. બંનેની આંખો મળી. થડકાર સાથે એ સાડી સરખી કરતાં દરવાજા તરફ ગઈ. તે પાછળના દરવાજેથી બહાર નીકળી ગયો અને એકીશ્વાસે દોડતો રહ્યો. પાછું ફરીને જોવાની હિંમત જ ના થઈ. એ પછી એ ખોવાયેલો રહેતો. ઘરના દરવાજે ઘંટડીનો અવાજ સાંભળીને ભીતર પ્રાસકો પડતો. એ ફફડાટ કયાંય સુધી શમતો નહીં ! કેટલીય રાતો ભયના

ઓથાર હેઠળ પસાર થતી ! માંડ એ તરફ જવાનું નક્કી કરતો પણ જવાની હિંમત થતી નહીં. એક વાર એ રસ્તામાં દેખાઈ.એના ચહેરા પર ડાઘ હતો ! એ એવું હસી જાણે હસી જ ના હોય ! એ એની નજરનો સામનો ના કરી શકયો ! તેણે પોતાના ચહેરા પર હાથ ઘસ્યા.ગોગલ્સ પહેર્યા અને રસ્તો બદલી નાખ્યો ! એ પછી તો તેણે નોકરીને કારણે શહેર છોડવું પડયું. વ્યસ્તતાને કારણે તેને સમય મળતો નહોતો. તેનાં લગ્ન થયાં. હૂંફના આવરણ નીચે કયાંક એ ક્ષણો દબાઈને તળિયે બેસી ગઈ હતી. સાંભળો છો તમને કહું છું !' પત્નીનો અવાજ સંભળાતાં એ અવચાક બનીને આજુબાજુ જોઈ રહ્યો !

'હેં...શું?' એ બાઘાની જેમ બોલ્યો.કયારના આ દીવાલની સામે શું જોઈ રહ્યા છો ? 'દીવાલ ? પણ અહીં તો...!' બોલતાં લોચા વળવા માંડયા. એની હાથ દીવાલ પર ફરતો અટકી ગયો. એ જોર જોરથી દીવાલ પર હાથ ઘસતો હતો. કયાંક કયાંક ઊખડેલી પોપડીઓ નીચેથી જૂનો રંગ દેખા દેતો હતો. પત્ની વારાફરતી દીવાલને અને ચહેરાને પ્રયાનથી જોઈ રહી. એ ચમકયો. જયાં પત્નીની આંખો અટકી જતી હતી ત્યાં એ હાથ ઘસતો હતો. કયારેક દીવાલ પર તો ઘડીકમાં ચહેરા પર ! એના હાથ ધ્રૂજતા હતા. સમયનો એ હિસ્સો એની છાતીમાં કયાંક સજ્જડ રીતે અટકી ગયો હતો !'આ ડાઘ શેનો છે ?' બોલતાંપત્ની સહેજ નજીક આવી. પતિના ચહેરાને સ્પર્શ કરવા ગઈ પણ એ સહેજ પાછળ ખસી ગયો. તેની અંદર ગરમ પ્રવાહી રેડાતું હોય એવું લાગ્યું !

'તને દેખાય છે?'

'!હાસ્તો...!''

'એક મિનિટ...'કહીને એ દોડીને ઝડપથી ડાયરી લઈ આવ્યો.'તને આમાં લખેલા અક્ષરો દેખાય છે ?' પત્નીના મોઢા પર અચરજ સ્થિર થઈ ગયું હતું. એ એકીટશે જોઈ રહી. એ ઉતાવળમાં ડાયરીનાં પાનાં ફેરવવા લાગ્યો. કંટાળીને ડાયરી બંધ કરીને પછાડી ત્યાં દરવાજાની ઘંટડી વાગી.એ બાથરૂમ તરફ દોડયો. તેણે અરીસામાં જોયું. એ ડાઘ દેખાયો. તેણે સાબુથી ઘસી ઘસીને મોઢું ધોયું અને જોયું તો ડાઘ મોટો થઈ ગયો હતો !

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# દિકરાનું ઘર

અમરેલીના વરસડા રોડ ઉપર દિકરાનું ઘર વૃદ્ધાશ્રમ આવેલ છે. અમરેલીના વતની જાણીતા દાનવીર, કલકતા નિવાસી અમુભાઈ પરીખને કલકતાના વૃદ્ધાશ્રમ શરૂ કરવાનો વિચાર સ્ફુર્યો. જેના ફળ સ્વરૂપે અમરેલીમાં આ વિશાળ વૃદ્ધાશ્રમ શરૂ થયો છે. આ માટે અમરેલી જીલ્લા વિદ્યાસભા દ્વારા કોલેજ પાસે ડો. જીવરાજ મહેતા પોલિટેકનિકની પાછળ બે એકર જેટલી જમીન ફાળવવામાં આવી હતી. આ જમીન ઉપર ૧૯૯૫ માં વડોદરાના રણજીતસિંહ ગાયકવાડના શુભ હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ. ૬૫ વર્ષથી વધારે વયના વૃધ્ધને અને ૬૦ વર્ષથી વધારે વયનાં વૃધ્ધાને અહીં રહેવા માટે પ્રવેશ આપવામાં આવે છે. શ્રીમતી પદ્‌માબેન પરીખે રૂપિયા એક લાખનું દાન આપ્યું હતું પરિણામે નિર્માણકાર્ય શરૂ થયું ત્રણ વર્ષના ગાળામાં બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. દાનમાં મળેલા નવ હજાર ચોરસ મીટરના પ્લોટમાં આશરે ૨૩ હજાર ચોરસ ફુટનું બાંધકામ સપ્ટેમ્બર ૧૯૯૭ માં પૂર્ણ થયું. બાંધકામ પાછળ કુલ ખર્ચ રૂપિયા ૯૦ લાખથીયે વધારે થયો હતો. જે સમગ્ર ખર્ચ માત્ર પરીખ પરિવારે જ ભોગવ્યો હતો.'દીકરાના ઘર' નું ઉદ્‌ઘાટન તા.૧૪ મી ઓકટોબર ૧૯૯૭ ના રોજ સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર ભાઈ રમેશભાઈ ઓઝાના હસ્તે થયું હતું. એ દિવસે સંસ્થાને રૂપિયા ૧૨ લાખનું દાન મળ્યું હતું 'દીકરાના ઘર' માં કુલ ૭૦ રૂમોની સગવડ છે. દરેક રૂપ એટેચ્ડ બાથરૂમ ટોયલેટવાળા છે. ઉપરાંત વોશબેઝીન, બે પલંગ, બે કબાટ, બે ખુરશી, એક પંખાની દરેક રૂમમાં સુવિધા છે. એક રૂમમાં બે વ્યકિતઓને રહેવાનું હોય છે. સચ્ચિદાનંદજી, સાહિત્યકાર કુમારપાળ દેસાઈ વગેરેનો સમાવેશ થાય છે. 'દીકરાના ઘર' ના પરિસરમાં વિશાળ રામજીમંદિર બાંધવામાં આવ્યું છે. સંસ્થાના નિવાસી વૃદ્ધજનો ઉપરાંત આ વિસ્તારમાં રહેતા લોકો અહીં નિયમિત પ્રાર્થના અને આરતી કરે છે. બગીચો પણ છે. અહીં બાળકો માટે ક્રિડાંગણ પણ બનાવાયું છે.



ભોજનાલયમાં દરેક નિવાસીને સવારે ચા–નાસ્તો, બપોરે ભોજન, સાંજે ચા

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

અને રાત્રે ભોજન આપવામાં આવે છે.વિવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવો આ વૃદ્ધાશ્રમની મુલાકાતે આવી ગયા છે. જેમાં ભાગવત કથાકાર ઈન્દિરા બેટીજી, સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ સ્વયંપ્રકાશદાસ સ્વામી, ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડો. વિદ્યુતભાઈ જોશી, લેખિકા બહેનો વર્ષા અડાલજા અને ઈલા આરબ મહેતા, સ્વામી જયાં રોજ સાંજે અનેક બાળકો રમવા આવે છે. વૃદ્ધો માટે આશીર્વાદરૂપ એવી સંસ્થાની મુલાકાતે રોજ નગરજનો આવતા રહે છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે હરકીશનદાસ દામોદરદાસ પારેખ, વસંતભાઈ પરીખ તથા સંચાલક તરીકે નટુભાઈ જોષી સેવા આપે છે. કોઈપણ સામાજિક પરિસ્થિતિને કારણે કે માત્ર અંગત રૂચિથી વૃદ્ધોને રહેવા તથા જિંદગીની ઉતરાવસ્થા સારી રીતે વ્યતિત કરવાનું આ ઉતમ સ્થળ છે. જીવનસંધ્યાએ પહોંચેલા વૃદ્ધજનો માટે દીકરાના ઘર' સાચા અર્થમાં એક વિશ્રાંતિ કેન્દ્ર છે.


# ખોટું બોલવાની ટેવ

**શિશુવંદના – ગિજુભાઈ ભરાડ**

બાળક ખોટું બોલવાની કળા આપણી પાસેથી જ શીખે છે. કોઈ પણ સંજોગોમાં પોતાના માતા–પિતા અને શિક્ષકોને જો એ સાચું બોલતાં જ હંમેશા પામે તો આગળ જતા તે પોતાના વ્યકિતગત જીવનમાં સત્યપ્રિય બને છે. બાળકને બોલવાના સંજોગો ઊભા થાય એવું વર્તન બહુ જ સમજણપૂર્વક આપણે ટાળવું જોઈએ. એટલે પ્રથમ તો એને ખોટું બોલવાનો પ્રસંગ જ ન આવે અને જયારે એવો પ્રસંગ આવે ત્યારે એ તમારા પરનો વિશ્વાસ ન ગુમાવે અને તમારી ક્ષમા અને ઉદારતાનો એને પૂરતો લાભ મળવાની સંભાવના તરફ શ્રદ્ધા ટકી રહે એ જોવાની જવાબદારી પણ વડીલોની છે. સત્યવ્રત જેવી મૂલ્ય શિક્ષણની બોધકથાઓ સમયસર એને કાને પડવી જોઈએ. પોતાની ભૂલો કે લેશનમાં, અભ્યાસમાં પાછળ રહી જવા માટે એના દ્વારા રજૂ થતા સાચા કારણો સ્વીકારવાની આપણે તૈયારી પણ રાખવી જોઈએ.

આપણને જલ્દી ગળે ન ઊતરે એવા સાચા કારણોના વિકલ્પમાં તે આપણે સ્વીકારી લઈએ એવા ખોટા કારણોના માર્ગે જયારે વળે ત્યારે જ એને રોકી દેવો જોઈએ. બાળકના વર્તનમાં સત્ય–અસત્યના બહુ જીણવટભર્યા અભ્યાસથી જ આ કામ થઈ શકે. ઉતાવળા વાલીઓ કે શિક્ષકોનું આ કામ નથી. એકવાર સત્ય સાથે એનું અનુસંધાન કરી આપશો તો એનામાં આત્મવિશ્વાસની અકલ્પિત વૃદ્ધિના ફળ જોવા મળશે.

**બાલમિત્રો,**



ગઈ કાલે એક સરસ ધાર્મિક ઉત્સવ સંપન્ન થયો. જાણો છોને ? હા..... મહાશિવરાત્રી. આપણા શાસ્ત્રોમાં તમામ દેવ, દેવીઓના નામથી તહેવારોને ઉત્સવ ઉજવાય છે. એજ રીતે શિવજીનો પણ તહેવાર મનાવવામાં આવે છે. જો તે તમે એની પાછળ રહેલી વાર્તા નો જાણતા જ હશો ટુંકામાં કહું.....

એક શિકારી શિકાર માટે જાય છે. શિકાર મળ્યો નહિ. રાત પડી ગઈ, એને હરણી તેણે જોઈ. તેને પકડી હરણી કહે, 'ભાઈ તું મને થોડો વખત જવા દે તો મારા બાળકોને મળીને આવું.'' શિકારી શાનો માને ? હરણીએ ખુબ વિનંતી કરી એટલે શિકારી સહમત થયો. પાછા આવવાની તાકીદ પણ શિકારીએ કહી. હરણી દોડતી ગઈ. હવે હરણી ન આવે ત્યાં સુધી તે શું કરે ? એક ઝાડ પર ચડીને બેઠો. સમય પસાર કરવા પાંદડા તોડી તોડી નીચે નાંખવા લાગ્યો. એ ઝાડ બીલ્લીપત્રનું હતું. નીચે એક શિવલીંગ હતું. શિકારીને ખબર નહોતી. ત્યા લગભગ વહેલી સવારે હરણી આવી. હરણીએ વચન પાળ્યું એટલે શિકારીનું મન કરૂણાથી ભરાઈ ગયું ને નીચેથી શિવજી પ્રસન્ન થયા. જાણ્યે અજાણ્યે પણ શિકારીએ બિલ્લીપત્ર ચડાવ્યા તોય શિવજી પ્રસન્ન જયા ને તે રાત્રિને 'શિવરાત્રી તરીકે ઉજવાશે એમ વરદાન આપ્યું.

જોયુંને બાલમિત્રો, પુજન, અર્ચન, ભકિત એટલે જતાં નથી.

# હિંમતે મર્દા તો મદદે ખુદા (પ્રાણીકથા)

શાળામાં આજે વાર્ષિક પરિણામ હતું. વાલજી વરુ, શકુ શિયાળ, કકકુ કૂતરો, સલુ સસલો બધાં જ શાળામાં જવાની તૈયારી કરવા લાગ્યાં.

આખા વર્ગમાં સલુ ભણવામાં હોશિયાર અને ચાલાક. તે ભણવામાં ધ્યાન આપે કંઈ પણ ન આવડતું હોય તો તે વર્ગશિક્ષકને પૂછી એનો યોગ્ય જવાબ મેળવે. જયારે વાલજી, શકુ, કકકુ ભણવા કરતાં રમવામાં વધારે ધ્યાન આપે. પરંતુ હમણાં તેઓના વર્ગમાં બોમ્બેથી આવેલી બોકી બકરી પણ સલુની જેમ ખૂબ હોશિયાર હતી. ઘણી સલુ અને બોબી વચ્ચે હરિફાઈ પણ જામતી.

સલુનાં માતાપિતા તેની ખૂબ જ કાળજી રાખતાં તેને સારું સારું ખવડાવે. નવાં નવાં કપડાં પહેરાવે સલુને કોઈ વાત તકલીફ ન પડવા દે. નવાં ચોપડાં, નવો કંપાસ, સલુને બધું જ નવું નવું લાવી આપે. સલુ પણ તે પ્રમાણે વર્ગમાં પ્રથમ નંબર રાખે. સલુ શાળામાં જવા તૈયાર થયો. તેની સસલી મમ્મીએ શુકનનું દહીં ખવડાવ્યું અને સસલા પપ્પાએ બેસ્ટ લક પણ કર્યુ.

પ્રાણીઓ વર્ગમાં ગોઠવાઈ ગયાં. ગંગા ગાય અને નીનુ નોળિયાને પાસ થવાય એવું લાગતું જ ન હતું તેથી તે પરિણામ લેવા આવ્યાં ન હતાં.

સમય થયો. વર્ગશિક્ષક હકુ હાથીભાઈ સૂંઢમાં પરિણામની કોથળી પકડી ડોલતાં ડોલતાં વર્ગમાં દાખલ થયાં. '' ગુડ મોર્નિગ ઓલ'' કહી તેઓએ પરિણામ આપવાની શરૂઆત કરી. વર્ગમાં બધાને શાંતી રાખવા જણાવ્યું.

સૌપ્રથમ તેઓએ કકકુ કૂતરાને પરિણામ આપ્યું.

તે બધા જ વિષયમાં નાપાસ થયો હતો. હકુભાઈએ તેની સામે આંખો ત્રાંસી કરી જોઈ પણ લીધું. કકકુ તો બિંદાસ. તે પૂછડી પટપટાવતો પરિણામ લઈને વર્ગની બહાર દોડી ગયો.

હવે વારો આવ્યો સલુનો. સલુને પરિણામ આપતી વખતે હકુભાઈએ કહ્યું કેમ સલુભાઈ



પાછા પડયા. સલુએ ધ્રુજતા હાથે પરિણામ લીધું અને વિચારમાં પડી ગયો.

બોબી બકરી વર્ગમાં પ્રથમ નંબરે પાસ થઈ હતી. તે વર્ગમાં જ નાચતી અને કૂદતી હતી. બધાં તેને અભિનંદન આપતાં હતાં, બોબી પણ થેન્ક યૂ, થેન્ક યૂ કહી આનંદ કરતી હતી.

બધાંને પરિણામ મળી ગયાં. કોઈ હસતું, તો કોઈ રડતું, તો કોઈ આનંદ કરતું – પોત પોતાના ઘેર ગયાં.

સલુ એકલો એકલો ચાલતો હતો. તેને ચેન પડતું ન હતું. તેની આખનાં આસું સુકાતાં ન હતાં. તે ઘણો જ લાગણીપ્રધાન હતો. તેને જાત જાતના વિચાર આવવા લાગ્યા. હવે હું ઘેર જઈને શું જવાબ આપીશ? તે ઘણો જ નિરાશ થઈ ગયો. આના કરતાં તો મરી જવું સારું એમ બબડી તે આગળ ચાલવા લાગ્યો. ખૂબ વિચારને અંતે નહેરમાં પડીને આપઘાત કરવાનો વિચાર કરતો એ નહેર તરફ આગળ વધવા લાગ્યો.

એવામાં સલુની નજર નાચતા કૂદતા અને આનંદથી ફરતા કકકૂ તરફ ગઈ.

સલૂએ કકકુ પાસે જઈને પૂછયું, કેમ કકકુભાઈ તમારું પરિણામ શું આવ્યું ? તમે ખૂબ આનંદમાં લાગો છો ?

સલુભાઈ સાચું કહું, હું બધા જ વિષયમાં નાપાસ થયો છું. ઘરના કારણે નિયમિત શાળામાં આવી શકતો ન હતો. પણ એમ થોડું હિંમત હારી જવાય. હવે મારે ચિંતા જેવું નથી. આ વર્ષે ખૂબ મહેનત કરીને પાસ થઈ જઈશ. સલુભાઈ, '' હિંમતે મર્દા તો મદદે ખુદા'' કહી કકકૂ મૂછમાં હસવા લાગ્યો. સલુ તો વિચારમાં પડી ગયો. કકકૂ બધા જ વિષયમાં નાપાસ થયો છે છતાં આનંદ કરે છે, મારે ઓછા માર્ક આવ્યા તેમાં હું દુઃખી દુઃખી થઈ ગયો ? સલુને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

શા વિચારમાં પડી ગયો સલુ ? કકકુએ પૂંછડી હલાવતાં પૂછયું, કકકૂને સલુના વર્તનમાં પણ કંઈ વહેમગયો.

અરે, સલુભાઈ, ઓછા માર્ક આવ્યા તેમાં શું થઈ ગયું ઉપલા ધોરણમાં ખૂબ મહેનત કરજો. તમે તો હોશિયાર છો. આવા વિચાર જેનામાં હિંમત ના હોય તે કરે. ઈશ્વરે કેવી મજાની જિંદગી આપી છે ? તમારાં પપ્પા – મમ્મી આ વાતે જાણે તો તેમને કેટલું દુઃખ થાય ? આપઘાત થઈને હિંમત રાખો અને ઘરે પહોંચી જાવ.

કકકુભાઈ તમારી વાત સાચી. તમારી સલાહ પણ સાચી છે. હવે હું ઝાઝા વિચાર કર્યા વગર મારા ઘરે જાઉ છું

સલુનાં મમ્મી – પપ્પા તેની રાહ જોતાં ચિંતામાં બેઠાં હતાં. તેઓએ સલુને પ્રેમથી બેસાડયો અને પ્રરિણામ પૂછયું.

સલુએ ગળગળા અવાજે ઓછા માર્કથી પાસ થવાની વાત કરી, રડવા લાગ્યો.

અરે બેટા, તેમાં શું થઈ ગયું ? નિરાશ થવાની સહેજે જરૂર નથી. આ વર્ષે તું વધારે ધ્યાન આપજે અને મહેનત કરજે. તું જરૂર સારું પરિણામ લાવીશ. ચાલ હાથ–પગ ધોઈ લે અને ચ્હા – નાસ્તો કરી લે. સલુનાં મમ્મી – પપ્પાએ કહ્યું.


સલુ સમજી ગયો. તે આનંદમાં આવી ગયો નાસ્તો કરવા લાગ્યો. તેના મમ્મી–પપ્પા તેના માથા પર વ્હાલથી હાથ ફેરવવા લાગ્યાં.

# સરદાર ઉધમસિંહ

૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ કટકમાં સુભાષચંદ્ર બોઝનો જન્મ થયો હતો. જાનકીનાથ અને પ્રભાદેવીના નવમા સંતાન એટલે સુભાષચંદ્ર આઝાદ હિંદ ફોજના સ્થાપક સુભાષચંદ્ર બોઝ લંડનમાં ચોથા ક્રમે આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થી હતા આ ડિગ્રી દ્વારા તેમણે ધાર્યુ હોત તો દેશમાં અઢળક ધન અને માન કમાઈ શકયા હોત. પરંતુ આ સ્વમાની વ્યક્તિને અંગ્રેજ સરકારની ગુલામી સ્વીકાય નહોતી. બાળપણમાં એમણે પોતાને ''બ્લેક'' કહીને સંબોધનારા અંગ્રેજ શિક્ષકને લાફો મારી દીધેલો. સ્વામી વિવેકાનંદથી તેઓ ખૂબ પ્રભાવિત હતા અને તેઓ વીર સાવરકરને પણ મળેલા. તેમના વિચારોએ તેમને સ્વતંત્રતા માટેની ક્રાંતિનો એક અનોખો રાહ ચીંધેલો. સ્થાનિક શિક્ષણ ભારતમાં જ લઈને લંડન ગયેલા સુભાષબાબુએ ત્યાં આઈ.સી. એસની પરીક્ષા પાસ કરી. એ પછી લંડનથી પાછા ફર્યા ત્યારે દેશમાં અસહકારનું આંદોલન ચાલી રહ્યું હતું. તેઓ અસહકારના આંદોલનમાં કૂદી પડયા. કોંગ્રેસના સવિનય કાનૂનભંગમાં ભાગ લેવા બદલ જેલમાં ગયા છૂટયા અને ફરીને પકડાયા. ૧૯૩૨માં ત્રાસવાદીઓના મદદકતાનો



આરોપ લગાવી તેમને દેશબહાર અલીપોરની જેલમાં મોકલી આપવામાં આવ્યા. ચાર વષે ત્યાંથી છૂટયા. તેના બીજે વષે હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ બન્યા. આને કારણે ગાંધીજી સાથે મતભેદ વધતાં થોડા દિવસમાં જ કોંગ્રેસ સાથે છેડો ફાડી નાંખ્યો. ફારવર્ડ બ્લાકની સ્થાપના કરી. ફરી સરકારે તેમની ધરપકડ કરી જેલમાં પૂર્યા, પરંતુ તેઓ વેશ બદલીને જેલમાંથી નીકળી ગયા. પેશાવર થઈ કાબૂલ પહોંચ્યા. ત્યાંથી જર્મની જઈ હિટલરને મળ્યા. હિટલરે તેમનું સ્વાગત કરી 'હિન્દના સરનશીન' તરીકે ઓળખાવ્યા. ત્યાંથી તેઓ સબમરીન દ્વારા જળમાગે જાપાન પહોંચ્યા અને ત્યાં 'આઝાદ હિન્દ ફોજ ની સ્થાપના કરી. તુમ મુજે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દૂંગા' અને 'દિલ્હી ચલો' ના નારા સાથે હિંદ તરફ કૂચ કરી ઈમ્ફાલને ઘેરો ઘાલ્યો. પણ કુદરતે તેમને સાથ ન આપ્યો. આઝાદ હિંદ ફોજને પીછેહઠ કરવી પડી. સાથીદારોના આગ્રહથી તેઓ વિમાન દ્વારા ટોકયો જવા રવાના થયા. એક માન્યતા મુજબ ૧૯ આગસ્ટ, ૧૯૪૫ના રોજ આ વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ નીપજયું. આ સિવાય એમના મૃત્યુ અંગે અનેક તર્ક- વિતર્ક થઈ રહ્યા છે. એવું પણ કહેવાય છે કે સૌ પ્રથમવાર આંદામાન - નિકોબાર પર ભારતનો ઝંડો લહેરાવ્યો હતો એટલે તેમના પ્રપૌત્રનું માનીએ તો તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન પણ હતા. કોઈ કહે છે કે તેઓ સાધુ વેશે હજુ પણ જીવી રહ્યા છે. સત્ય હજુ સામે આવ્યું નથી. પણ ભારત દેશની આઝાદી માટે આ વીર ક્રાંતિકારી યોદ્ધાએ આકાશ-પાતાળ એક કરી દીધા હતા એ નિશ્ચિત છે.




# અંધશ્રદ્ધાથી બચો

નંદનવન અઠવાડિયાથી ભકિતમય બની ગયું હતું. મીઠાનંદ પોપટ કથાનું રસપાન કરાવી રહ્યા હતા. આજે કથાની પૂર્ણાહુતિ હોવાથી જંગલના બધાં પ્રાણીઓ મીઠાનંદ માટે કંઈક ને કંઈક ભેટ દક્ષિણામાં આપતાં હતાં. મીઠાનંદને ઘણાબધા રૂપિયા રોકડા અને ભેટો મળી. શેરુ શિયાળને આ ન ગમ્યું. એકવાર શિયાળ વિચારવા લાગ્યો કે મારે પણ પૈસાવાળું થવું છે. મારા પાસે જ્ઞાન નથી. પણ હું એવી યુકિત કરું કે લોકો ભોળવાઈ જાય અને મહેનત કર્યા વિના માલામાલ થઈ જઉ.રોજ તળાવના કિનારે બેસીને વિચારે કે હું શું કરું તો વગર મહેનતે પૈસાદાર થઈ જાઉ ? ચાર–પાચ દિવસ આમ ને આમ વિચાર્યે રાખ્યું. હવે તેના મિત્ર કોકો મગરથી ન રહેવાયું.''કેમ તું રોજ ઉદાસ રહે છે ?'' કોકોએ પૂછયું.

''મારે મહેનત કર્યા વિના પૈસાદાર થવું છે. હમણાં મીઠાનંદને કથા દ્વારા કેટલી બધી ભેટ સોગાદ મળી ! મને કથા કહેતાં નથી આવડતી તેથી હું લોકો ભરમાઈ જાય અને મને પૈસા આપે એવી યુકિત થોડા દિવસ વિચારું છું.'' શેરુ બોલ્યો.

એ દિવસ પછી...

આજે શેરુને ખુશ જોઈને કોકોએ કહ્યું, કેમ આજે બહુ ખુશ છો




? શેરુ કહે, ''મને પૈસાદાર બનવાની એક યુકિત મળી ગઈ છે. નંદનવનાં



પ્રાણીઓ અંધ–શ્રદ્ધા અને ચમત્કારમાં બહુ માને છે. હું ચમત્કારમાં બહુ માને છે. હું ચમત્કાર દ્વારા પૈસા બનાવીશ. પણ મારે એમાં તારી જરૂર પડશે. તું મને સાથ આપજે. હું તને પણ યોગ્ય ભાગ આપીશ.''

શેરુની વાત સાંભળી કોકો ખુશ થયો. ''મને પણ પૈસા મળતા હોય તો શું વાધો છે !'' કોકો બોલ્યો.

# દલિત સાહિત્ય-સંશોધનની સંભાવનાઓ /હરીશ મંગલમ્

તમામ જાતિઓ, મહિલાઓ તેમજ વિચરતી જાતિઓ અને એલ.જી.બી.ટી.ક્યુ.આઈ.એ.(લેસ્બિયન, ગે, બાયસેકસુઅલ, ટ્રાન્સજેન્ડર, કવિઅર, ઈન્ટરસેકસ, અને અસેકસુઅલ) વગેરેનો સમાવેશ થાય છે. દલિત સાહિત્ય વિવિધ સંજ્ઞાઓથી સ્વીકૃતિ પામ્યું છે, જેમ કે, 'બહુજન સાહિત્ય', 'આંબેડકરવાદી સાહિત્ય', 'હાસિયાનું સાહિત્ય' અને 'સમ્યક સાહિત્ય', વગેરે.

આફ્રિકા– અમેરિકામાં કાળ ।ગોરાના રંગભેદથી સામે પ્રતિકાર રૂપે જે સાહિત્ય સર્જાયું તે નીગ્રો સાહિત્ય, પછી બ્લેક લિટરેચર અને હવે આફ્રો–અમેરિકન સાહિત્ય, તરીકે હોળ દાય છે. ભારતીય સમાજવ્યવસ્થામાં પણ ગર્ણાશ્રમ અને ધર્મઆધારિત અસ્પૃશયતા, જ્ઞાતીઓના અસંખ્ય વાડાઓ, ઊંચ–નીચના ભેદભાવો, અવહેલના અને અત્યાચારો, વગેરે અમાનવીય વલણો આ ૨૧મી સદીમાંય પ્રવર્તમાન છે. પ્રાચીન ગંથ્રોએ ભારતીય નારી પ્રત્યે ઘનઘોર અન્યાય કર્યો છે. ધર્મના મઠાધીશો તથા મંદિરના પૂજારીઓ દ્વારા ઘોર અપમાનિત, તિરસ્કૃત કરી વાસનાનો ભોગ બનાવી દીધો. મંદિરોમાં દેવતાઓની સામે વેશ્યાના રૂપમાં નૃત્યાંગના અને દેવદાસી બનાવી દીધી. મનીપદ્યા જેનાનો એક લેખ 'આર્ટિકલ ધ લાસ્ટ ઓફ ધ દેવદાસીઝ'માં જણાવ્યા મુજબ મદ્રાસ રાજયની હદમાં દેવદાસીની સંખ્યા બે લાખ હતી. સતીપ્રથા અને નિયોગ જેવી અમાનવીય ક્રુર પ્રથાઓથી ભારતની નારીની દુદર્શા કરવામાં આવી હતી.ધર્મશાસ્ત્રોમાં નારીને વિચિત્ર રીતે નિરૂપી છે. જેમ કે, માસિક ધર્મના દિવસે'ચાંડાલિન', બીજા દિવસે 'બ્રહ્મ–હત્યારી', અને ત્રીજા દિવસે 'ધોબણ' (ધોબીની પત્ની) તરીકે ચિત્રિત કરવામાં આવી છે. એ જ રીતે, બાળપણમાં નારીનું રક્ષણ પિતા, યુવાનીમાં પતિ તથા વૃદ્ધાવસ્થામાં પુત્ર એની રક્ષા કરે છે. કહેવાનું તાત્પર્ય એ કે, નારી સ્વતંત્રતાની અધિકારી નથી. પુરુષોના નિયંત્રણમાં રહેવાનું હોય છે. પતિની સેવા–શુશ્રુષા કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. ઐતરેય બ્રાહ્મણ મુજબ પુત્રી કષ્ટપ્રદા અને દુઃખ આપનારી છે. સ્ત્રીને સંતાન થતું ના હોય તો સ્ત્રી પરાયા પુરુષ સાથે, પતિ કે ગુરુની સાથે આજ્ઞાનુસાર દિયર અથવા સસરા પાસેથી ઈચ્છિત સંતાન માટે ગર્ભ ધારણ કરી શકે છે, એવું મનુ કહે છે. પશુ (ઘોડા) સાથે પણ સંભોગ કરી શકે છે. સમગ્ર નારી જાતિની આનાથી વધુ બેઈજતી શું હોઈ શકે ?સૌ જાગ્રત નાગરિકને પાગલ બનાવી દે, મૂળમાંથી હચમચાવી દે એવા શ્લોકો ઋગ્વેદ, અથર્વવેદ, પરાશરસ્મૃતિ, યાજ્ઞવલ્કય, વૃદ્ધહરિતસ્મૃતિ, યજુર્વેદમાં સમાવિષ્ટ છે. મનુસ્મૃતિમાં મનુએ એવું હીન કક્ષાનું નિરૂપણ કર્યુ છે, જેમકે – નારી રૂપની પરવા કરતી નથી, ઉંમરનું ધ્યાન રાખતી નથી, પુરુષ સુંદર હોય કે કદરૂપો, એની સાથે લપટાઈ જાય છે. એ જ રીતે, મનુએ અસ્પૃશ્યો માટે પણ દમનકારી, અમાનવીય, અવૈજ્ઞાનિક, તર્કહીન, મૂર્ખતાભરી કુપ્રથાઓ વર્ણવી છે.

ભારતમાં અનેક સમાજ છે. હિન્દુ સમાજ, મુસ્લમાન સમાજ, ઈસાઈ સમાજ, શીખ સમાજ, બૌદ્ધ સમાજ અને જૈન સમાજ. પરંતુ હિન્દુ સમાજ સિવાય અન્ય સંમાજોમાં અસ્પૃશ્ય સમાજ નથી. આ સત્ય આપણને ચોંકાવનારું લાગે છે. આ સ્થિતિ ખતરનાક ગણાય. દરેક સમાજમાં ગરીબ લોકો હશે, પરંતુ તે અસ્પૃશ્ય નહી હોય, કારણ કે, ગરીબીનો આધાર આર્થિક બાબતો પર આધારિત છે. જેમ કે, કોઈ બ્રાહ્મણ, સૈયદ કે પઠાણ ગરીબ હોઈ શકે છે – પણ ખરા, પરંતુ ઉત્પીડન તથા સાંસ્કૃતિક દમન થતું નથી ગરીબ બ્રાહ્મણને એક માલદાર અછૂત કરતાં વધુ સામાજિક અને ધાર્મિક પ્રતિષ્ઠા મળે છે.

સંપાદક : ભરત મહેતા

## પરબ

એટલે ગરીબ અને અસ્પૃશ્યો સમાનાર્થી શબ્દો નથી. જેથી એવું તારણ સ્પષ્ટ થાય છે કે, માત્ર હિન્દુ સમાજ અને હિન્દૂ ધર્મમાં જ અસ્પૃશ્યો છે. અન્ય સમાજમાં ગરીબો છે, પરંતુ અસ્પૃશ્યો નથી. બંને શબ્દોના અર્થમાં ઘણું અંતર રહેલું છે. દરેક દલિત ગરીબ હોઈ શકે છે, પરંતુ દરેક ગરીબ દલિત ના પણ હોય. દલિત એ છે કે, સમાજ જેની ઉપેક્ષા કરે છે અને આર્થિક હાલત પણ ખરાબ હોય છે. હિન્દુ સમાજ જ એક એવો સમાજ છે જેમાં દલિત પણ છે અને ગરીબ પણ. અન્ય સમાજોમાં આવું નથી. હિન્દુ સમાજમાં દલિતોની સંખ્યા ઘણી છે. શું આ સ્થિતિ આશ્ચર્યજનક નથી?

મનુસ્મૃતિમાં સ્પષ્ટ લખ્યું છે કે, મુખમાંથી બ્રાહ્મણ, બાહુમાંથી ક્ષત્રિય, જાંઘમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રોનો જન્મ થયો છે. હિન્દુ ધર્મની માન્યતા મૂર્ખતાપૂર્ણ અને ગાંડા માણસના પ્રલાપથી વધુ કશું જ નથી. શુદ્ર પછી અછૂત અને અંત્યજની પણ હિન્દુ ધર્મમાં કલ્પના કરવામાં આવી છે. જેને સ્પર્શ કરવાની ઈજાજત પણ હિન્દુ શાસ્ત્રમાં નથી. હિન્દુ શાસ્ત્રો એટલાં બેહૂદાં છે કે, પોતાના સમાજમાં અછૂતો પેદા કરે છે, દલિતો પેદા કરે છે. આવાં અમાનવીય શાસ્ત્રોએ મનુષ્ય–મનુષ્ય વચ્ચે ભેદવાડા, ઊંચ–નીચના વર્ગો પેદા કરે છે. જેથી હિન્દુ શાસ્ત્રોને કાળો કાયદો કહેવામાં આવે છે. પોતાના વરવા હુકમો, આદેશો અને નિર્દેશોને લીધે હિન્દુ ધર્મશાસ્ત્રો ઘણાં કુખ્યાત છે. મનુએ શૂદ્રને માત્ર સેવક એટલે કે નોકર બનીને જીવવાનો આદેશ કર્યો છે.(મનુસ્મૃતિ, અધ્યાય–૧, શ્લોકો–૯૧) મનુ પોતાના બ્રાહ્મણોનું વર્ચસ્વ કાયમ રાખવા માટે એટલા સર્તક છે કે, બ્રાહ્મણનું નામ શુભકારી, ક્ષત્રિયનું નામ શકિતમય, વૈશ્યનું નામ ધનમય અને શૂદ્રનું નામ નિંદામય રાખવા હુકમ કરે છે. શૂદ્રો પ્રત્યે બ્રાહ્મણોના મનમાં પ્રજળતી ઘૃણાની ક્ષણની આ પરાકાષ્ઠા જણાઈ આવે છે. (મનુસ્મૃતિ, અધ્યાય–૨, શ્લોકો–૩૧,૩૨). કહેવાતી ઉચ્ચવર્ણની વ્યકિતની સાથે જો નીચવર્ણની વ્યકિત એક બેઠક પર બેસે તો એના ગુપ્તાંગનું માંસ કાપીને એની કમર પર લોખંડના ડામ દઈને દેશ નિકાલ કરી દેવો. બ્રાહ્મણ–ગ્રંથોની આ વ્યવસ્થા એકતા, સ્વતંત્રતા અને ભાઈચારા એટલે કે, માનવીયતાની કટર વિરોધી છે. (મનુસ્મૃતિ, અધ્યાય–૨, શ્લોકો–૨૮૧). લુહાર, સોની, રંગરી, વાંસફોડિયા, ઓજાર બનાવનાર,નટ, દરજીનું અન્ન હિન્દુઓને ખાવું નહિ – એવો ધાર્મિક અને સામાજીક હુકમ મનુએ કર્યો છે. (મનુસ્મૃતિ, અધ્યાય–૪, શ્લોક–૨૫,૨૧૬). બ્રાહ્મણ ગમે તેટલો ચારિત્રહીન હોય, તોપણ પૂજનીય નથી. (પરાશરસ્મૃતિ, ૫૬–૧૯૨). આ અત્યાચારી સિદ્ધાંતને બ્રાહ્મણ કવિ તુલસીદાસે પોતાના પુસ્તક 'રામચરિત માનસ'માં એક ચોપાઈમાં વ્યકત કર્યો છે... જુઓઃ

પૂજિયે વિપ્રશીલ ગુણ હીના ।

શૂદ્ર ન પૂજિયે ગુણ જ્ઞાન પ્રવીના ।।


દલિત સાહિત્યધારા હવે તો ફાલી–ફુલીને વૈશ્વિક ધારા બની ગઈ છે. એના મૂળમાં એનો બૃહદ અર્થ રહેલો છે. 'દલિત' એટલે કચડાયેલો, દબાયેલો, ઉવેખાયેલો એક ગરીબ વર્ગનો સમૂહ. હિન્દુ સમાજવ્યવસ્થામાં કહેવાતા ઉચ્ચવર્ગ સિવાયની જાતિઓનો સમૂહ જે કુલ વસ્તીનો ૮૫% થવા જાય છે. એમાં અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચમાં સમાવિષ્ટ

પરાશરસ્મૃતિનો સમય ગુપ્તકાળ છે અને બારસો–ચૌદસો વર્ષો પછી તુલસીદાસનો જન્મ થયો. આટલા લાંબા ગાળા પછી પણ બ્રાહ્મણના દષ્ટિકોણમાં કોઈ ફેરફાર થયેલો જણાતો નથી. અને તુલસીદાસે પરાશરના આ ખતરનાક દષ્ટિકોણને શબ્દશઃ અનુવાદિત કર્યો છે. કહેવાનું તાત્પર્ય એ કે, પ્રાચીન ગ્રંથોમાં પણ આવી અરસપરસ ઉઠાંતરી ચાલતી હતી બુદ્ધ શરણ હંસ એના વિશે કડક શબ્દોમાં લખે છે કે, ''ઉકિત ચોપાઈ રામચરીત માનસનું મસ્તિષ્ક છે. એટલે બ્રાહ્મણોએ તુલસીદાસને લોકનાયક કહ્યા અને એમના 'રામચરીતમાનસને' રામાયણની સંજ્ઞા આપી અને પૂજનીય જાહેર કર્યો. 'રામચરીતમાનસ' ક્ષીણ થતો જતો નવનિર્મિત મહેલ છે જેમાં દલિત અસ્મિતાનું ખૂન કરવામાં આવ્યું છે. તુલસીદાસ મનુનો અવતાર છે જેણે ખૂની બ્રાહ્મણવાદને હિન્દુ ધર્મ બનાવવામાં પ્રમુખ ભૂમિકા નિભાવી છે. આવા અત્યાચારી શ્લોકોનો અભ્યાસ કરીને હિંદુઓ દલિતો પ્રત્યે આક્રમણકારી ના બને તો શું બનશે ? હિન્દુ ધર્માધિકારીઓએ આવી વાહિયાત વાતો લખીને હિન્દુઓનો ઉગ્રવાદ પેદા કર્યો, એમને આક્રમણકારી અને હત્યારા બનાવ્યા. હિન્દુ શાસ્ત્રકારો એક એવું ભૂત છે જે દલિતોના વિનાશનું કારણ બન્યું છે. દલિતોના વિકાસમાં અવરોધક બન્યું છે. જયાં સુધી શાસ્ત્રો કાયમ રહેશે ત્યાં સુધી, એના આદેશોનુસાર વર્તન કરીને દલિતોના દમનકારી લોકો કાયમ રહેશે. જયાં સુધી વિનાશનું મૂળ નષ્ટ નહિ થાય, ત્યાં સુધી વિનાશની ઘટના બનતી રહેશે. દલીતોના ઉત્પીડનનું ઉદગમસ્થાન શાસ્ત્રોમાં છે.'' ('દલિત ઉત્પીડન ઔર ઉસકી પુષ્ઠભૂમિ' લેખ, 'સુશ્રી માયાવતી ઔર દલિતચિંતન' ગ્રંથમાંથી સાભાર, પૃ. ૪૩૩ થી ૪૪૨).

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧– વિલાસી લોકો જ્ઞાનનો અનુભવ કરી શકે નહીં. વેદાંતનો અધિકાર સર્વને નથી. વેદનો અધિકાર વિરકતને છે.

૨– વૈરાગ્ય અને સંયમ વગર જ્ઞાન પચતું નથી.

૩– મનમાં કામ આંખ વાટે આવે છે. માટે આંખમાં રાવણરૂપી કામને આવવા દેશો નહીં.

૪– મર્યા પછી ધૂન સાથે આવતું નથી. ધર્મ સાથે આવે છે. માટે ધન કરતાં ધર્મ શ્રેષ્ઠ છે. અર્થને ધર્માનું ફૂલ રાખો.

૫– મનુષ્યોનો શુત્ર બહાર નથી, મનમાં છે. અંદરના શત્રુઓને મારશો તો જગતમાં તમારો શત્રુ નહી રહે.

૬– જગતના કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે. જીવ સાથે તો શું પણ કોઈ જડ પદાર્થ પ્રત્યે પણ કુભાવ ન રાખો.

૭– સ્વાર્થ મનુષ્યને પાગલ બનાવે છે. મનુષ્યના મનમાં સ્વાર્થ જાગે ત્યારે તે બીજાનું બગાડવા તૈયાર થાય છે. બીજાનું બગાડનારનું કોઈ દિવસ સારું થતું નથી.

૮– જે બોલતાં શરમ આવે તેનો મનથી છુપાવી રાખે છે તેથી તેનું જીવન બગડે છે.

૯– ભાવશુદ્ધિ એ મોટામાં મોટું તપ છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન કરવો.

૧૦– સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કાર્ય સફળ થાય છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) સત્ય અને અહિંસા મારા ભગવાન છે '' આ ઉકિત કયા મહાન વ્યકિતનો છે ? – મહાત્મા ગાંધી

(૨) '' દિવાને ઝળહળતો રાખવા તેમાં તેલ નાખતા રહવુ પડે છે'' આ ઉકિત કોણે કહી હતી ?– મધર ટેરેસા

(૩) અકબરનામા કૃતિના રચયિતા કોણ છે ? –અબુલ ફઝલ

(૪) અભિજ્ઞાન શાકુંતલમ કૃતિના રચયિતા કોણ છે ? – કાલિદાસ

(૫) ગીતાંજલી કૃતિના રચયિતા કોણ છે ? – રવીન્દ્રનાથ ટાગોર

(૬) '' ક્ષમા એ સિપાહીનું ઘરેણું છે'' આ ઉકિત કોણે કહી હતી ? – મહાત્મા ગાંધી

(૭) '' આનંદ મઠ'' કૃતિના રચયિતા કોણ છે ? – બંકિમચંદ્ર ચેટરજી

(૮) '' પંચતંત્ર'' કૃતિના રચયિતા કોણ છે ? – પંડિત વિષ્ણુ શર્મા

ભારતીય સંસ્કૃતિ

(૯) વેદોની સંખ્યા કુલ કેટલી છે ? – ચાર

(૧૦) પુરાણોની સંખ્યા કુલ કેટલી છે ? – અઢાર

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


## સાચવણું

કાઠિયાવાડી ભાષામાં એક શબ્દ છે – 'સાચવણું'. તાળાં માટે એક જમાનામાં વપરાતો શબ્દ હવે ચલણમાં નથી રહ્યો.

અધ્યાત્મ દષ્ટિએ 'તાળું'એ બંધનનું પ્રતીક છે, જયારે ચાવી મુકિતનું... કંઈ કેટલાય પૂર્વગ્રહોના બંધ ઓરડાઓ પર ગેરસમજના તાંળા લાગ્યાં હોય છે. સમજણ – શાણપણ – જતું કરવાની ભાવના – ઉદારતા – ક્ષમા નિખાલસતા એ બધી ચાવીઓ છે. જેવું તાળું, તેવી ચાવી ચાવી લાગી કે ફટ કરતું તાળું ખૂલે ને બંધિયાર કમરામાં તાજી હવા અને પ્રકાશ પ્રવેશે.. ચાવી નાની, કિંમત કેટલી મોટી?

# ઈશ્વરલીલા

એક નાનું એવું ગામ હતું. આ ગામની અંદર એક બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ તુલસી હતું તુલસી આ ગામમાં સારી એવી જમીન ધરાવતો હતો. તુલસીને ગામના લોકો માનથી જોતા હતા.એક વાર આ ગામની અંદર ભયંકર દુષ્કાળ પડયો. ગામના લોકો મુંઝાવા લાગ્યા. ઝાડવા સુકાવા લાગ્યા. ધરતી પણ પાણીના અભાવે ફાટવા લાગી. પશુઓ અને પંખીઓ પણ ભૂખે મરવા લાગ્યા. ગામના સૌ કોઈ આ




દુષ્કાળનો અંત લાવવા ગામના ચોરે એકઠા થયા. તુલસી પણ ગામના ચોરે આવી પહોંચ્યો. ગામના લોકોના ચહેરા ઉદાસ હતા. તેઓ બધા વિચારી રહયા હતા કે, હવે શું કરવુ? ત્યાં તો તુલસી ઉભો થઈને બોલ્યો : આપણા ઉપર કુદરત રૂઠી છે. ગામના તળાવ, કૂવા, નદીઓ બધે જ પાણી સુકાઈ ગયા છે. માટે આ ગામથી થોડે દૂર એક રાજય છે, ત્યાનો રાજા ખુબ જ દયાળુ છે. આપણે તેની પાસે જઈને કંઈક મદદ માંગીએ.તુલસીની વાત ગામની લોકોને સાચી લાગી. ગામનાં સૌ કોઈ લોકોએ નકકી કર્યુ કે, આપણે સૌએ પેલા રાજાના રાજયમાં જવું જોઈએ. તેમજ ત્યાંના રાજાને આપણા ગામની પરિસ્થિતિ સમજાવવી જોઈએ, તેમ નકકી કરી ગામના સૌ લોકો પેલા રાજાના રાજય તરફ જવા તૈયાર થયાં. ભાદરવો માસ ચાલતો હતો. ઉપર આભ અને નીચે ધરતી. આખુંગામ જાણે ખાલી થયુંહોય, તેમ લાગતુંહતું. સૌ પેલા રાજાના રાજય તરફ આગળ વધવા લાગ્યાં. માર્ગમાં તેઓને એક સંતપુરુષ સામે મળ્યા. સંતપુરૂષે ગામના લોકોને કહયું : તમે બધાં લોકો કઈ તરફ ચાલ્યા ? સંતની વાત સાંભળી તુલસીએ સંતને પોતાના ગામની સર્વ હકીકત જણાવી સાથોસાથ તેમ પણ કહયું કે અહીયા થોડે દૂર એક રાજય છે. ત્યાંનો રાજા ખુબ જ દયાળુ છે એટલે અમને થયુંકે, અમે બધાં રાજા પાસે જઈએ તો અમને કંઈક મદદ કરશે. તુલસીની વાત સાંભળી સંત જરા હસ્યા, અરે ભાઈઓ, તમે બધાં રાજા પાસે જશો તો રાજા તમને જરૂર મદદ કરશે. પણ તે કયાંસુધી? વચ્ચે જ તુલસીએ કહયું : તો મહારાજ અમે શું કરીએ ?મહારાજે ઉતર આપ્યો : તમારે કંઈ કરવાની જરૂર નથી. માત્ર એટલુંજ કરો કે, આ જંગલની અંદર સૌ ઈશ્વરની પ્રાર્થના અને રામધૂન લગાઓ અને જુઓ પછી તેલા તમારા રાજા અને આ રાજાઓનો રાજા શું કરે છે? હરિ કરે સો હોય.

# દર્શન

આરતીનો પવિત્ર અવસર હતો.

ઘંટનાદ અને શંદનાોથી જગન્નાથજીનું મંદિર ધણધણી ઉઠયું હતું આજ વેળા શ્રી ચૈતન્ય મહાપ્રભુ ગરૂડ સ્તંભ પાસે ઉભા હતા.

ભકતોની ભીડ ગાઢ જંગલ જેવી હતી. ઓરિસ્સાની એક બાઈ બહું ઉચી થતી હતી તોયે તેને ભગવાનના દર્શન નહોતા થતાં તે ગરૂડસ્તંભ પર ચઢી ગઈ અને ચૈતન્યના ખભા પર પગ ટેકવી, આરતીની ઝાંખી કરવા લાગી.


ચૈતન્યના શિષ્યો આ જોઈ કંઈક રોષપુર્વક પેલી સ્ત્રીને ચૈતન્યના ખભા પરથી પગ ઉઠાવી લેવા હાથ વડે સૂચવવા લાગ્યા. એમને અટકાવતા ધીરેથી ચૈતન્ય બોલ્યા : એના પર રોષ મા કરશો. ભલે એણે મારા ખભા પર પગ ટેકવ્યો. એન ધરાઈને દર્શન કરવા દો. ને ત્યાં તો પેલી સ્ત્રીને જ આ વાતનો ખ્યાલ આવતા બેબાકળી બની નીચે ઉતરી ગઈ. તે ચૈતન્યના ચરણમાં પડી ક્ષમા માગવા લાગી.

ચૈતન્યે કહયું : દર્શનનો જે તલસાટ ભગવાને આ માતાને આપ્યો છે, તે જો મને મળ્યો હોત ! ..... આ સ્ત્રી દર્શનમાં એટલી તન્મય હતી કે પોતે કોના ખભા પર ચડી છે એનું એને ભાન પણ ન રહયું. ધન્ય છે એને ! મારે એના ચરણમાં પ્રણામ કરવા ઘટે, જેથી મારામાં પણ એવો ઉત્કટ ભકિતભાવ જાગે.

**મીણબતી બે છેડેથી બાળીએ તો કેટલું ટકે ? –અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ**

ગોપાળકૃષ્ણ ગોખલેના અવસાન વખતે મહાત્મા ગાંધીએ જે કહેલું તે પંડિત સુખલાલજીએ નોંધ્યુ છે : 'ગોખલેએ કામ બહુ ખેચ્યું. જીવનકાળના નિયમોને પૂરી રીતે તેઓ ન અનુસર્યા. તેમણે કામ બહુ કીમતી કર્યુ છે, પણ વધારે પડતુ કામ ખેંચવાથી એકંદરે તેઓ પોતાની સેવાવૃતિમાં નુકશાનમાં જ રહયા છે અને આપણે પણ તેમની પાસેથી લાંબો વખત લગી જે સેવા મેળવી શકત તેથી વંચિત જ રહયા છીએ.

ભગવાને માનવીને શકિતનો જે પુંજ આપ્યો છે તેને યોગ્ય રીતે જાળવીને વાપરતા રહેવાની પંડિત સુખલાલજીની સલાહ છે કોઈ કહેશે કે આપણા દેશમાં તો વધુ કામ કરવાની




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)


સલાહ આપવી જોઈએ, તેને બદલે આવી શિખામણ કેમ ? હું પણ જાણું છું કે આપણા દેશનો મોટામાં મોટો રોગ કામચોરી છે. પણ હું એ પણ જાણું છું કે આપણા દેશમાં કામ કરનાર વ્યકિતઓ પર જ વધારે કામ આવી પડે છે. મોટો ભાગ ઓછું કામ ખેંચનારાઓનો છે અને એનાથી નાનો ભાગ ઓછું કામ કરનારાઓનો છે અને એનાથી નાનો ભાગ પોતાના ભાગે આવતું કામ કરનારાઓનો છે અને સૌથી નાનો ભાગ વધારે પડતુ કામ ખેંચનારાઓનો છે. આ વધુ પડતુ કામ ખેંચનારો વર્ગ જીવનની મીણબતીને બે છેડે બાળી રહયો છે. સમાજને ઘણીવાર આવા માણસોની કદર જ નથી હોતી.

જેમ વધુ પડતો આરામ ખોટો એમ વધારે પડતો શ્રમ પણ ખોટો. શારીરિક શ્રમ કરતાંય માનસિક શ્રમ શરીરને વધુ ખતમ કરતો હોય છે. વિવેક ચુકયા તો કુદરત જ વજ્ર ઉગામીને ઉભેલી જ છે.

અતિ શ્રમથી શરીરની રોગ–પ્રતિકારકશકિત ઘટે છે. પ્રતિકારકશકિત ઘટતાં જ શરીરમાં ઉંડે ઉંડે છુપાયેલો રોગ માથું ઉચકે છે. શરીરની રોગ–પ્રતિકારકશકિત ન ઘટે એ જોઈને જ શરીર પાસેથી કામ લેવાનું હોય. પણ સમાજનું એવું છે કે જયાં શકિત જુએ ત્યાં એ ભારે કરવેરા નાખે !

જેમ વ્યકિતએ સમજવાનું તેમ સમાજે પણ સમજવાનું હોય છે. સેવા લેનાર અને દેનાર બંને જો પ્રમાણભાન ન જાળવે તો સરવાળે બંનેને ગેરલાભ છે. આ માત્ર સમાજસેવકો માટે જ સાચું છે એવુ નથી, ધંધાદારી સંસ્થાઓ અને કંપનીઓ માટે પણ એટલું જ સાચું છે. વ્યકિત સંસ્થાને જાળવે તો સંસ્થાએ વ્યકિતને જાળવવી જ જોઈએ. સુ–સંસ્કૃત સમાજનો આ વણલખ્યો નિયમ છે.

# ચિત્ર વાર્તા....





પ્રિયા ગૌરીબેન લાઠીયા


અહિં ૫– કેરીયા નાગસ પ્રા.શાળાએ એક ચિત્ર મોકલેલ છે. તેના પરથી સુંદર વાર્તા બનાવી લખી મોકલો તો બાલ એકસપ્રેસમાં છાપીએ...

# આ મારું ચિત્ર છે





પ્રિયા ગૌરીબેન લાઢિયા
(ધોરણ-૫- કેરીયા નાગસ, અમરેલી)



ગૌરીબેન લાઢીયાએ માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ચિત્રો દોરે છે તેથી તેને અભિનંદન...

# સોમનાથ મહાદેવનાં સાંનિધ્યમાં મહાશિવરાત્રી પર્વની આસ્થાભેર ઉજવણી







દેવાધિદેવ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મહાશિવરાત્રીના પર્વ પર શ્રદ્ધાળુઓ હર હર મહાદેવ અને જય સોમનાથના નાદ સાથે મહાશિવરાત્રીના પર્વ પર પુણ્ય અર્જિત કરવા પહોંચ્યા છે.શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રીને લઈ આયોજન કરવામાં આવ્યું છે જેમાં આજે સવારના ચાર વાગ્યાથી શ્રી સોમનાથ મંદિર દર્શનાર્થીઓ માટે ખોલવામાં આવ્યું છે. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો માનવ મહેરામણ શ્રી સોમનાથ તીર્થમાં ઉમટીઓ છે. શ્રી સોમનાથ મહાદેવને પ્રાત : મહાપૂજા બાદ ભસ્મ, પીતાંબર, પુષ્પ, બિલ્વપત્રનો મનમોહક શ્રુંગાર કરવામાં આવેલ. દર્શનાર્થીઓ એ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી, આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી પર્વે પ્રવજા પૂજા અને પાલખી પૂજન કરવામાં આવ્યા. શ્રી સોમનાથ મહાદેવના પ્રતીક સ્વરૂપને પાલખીમાં બેસાડી સમગ્ર મંદિર પરિસરમાં શોભાયાત્રા કાઢવામાં આવી જેમાં શિવત્વનો અનુભવ કરી શ્રદ્ધાળુઓ જોડાયાહતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ ના ટ્રસ્ટી પી.કે. લેહરી, મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા દ્વારા ધ્વજા પૂજા, પાલખી પૂજન કરવામાં આવી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ, કર્મચારીઓ પૂજામાં જોડાયા હતા.સોમનાથ ટ્રસ્ટ દ્વારા દરેક માસિક શિવરાત્રીએ પરંપરાગત કરવામાં આવતો હોમાત્મક લઘુરૂદ્ર મહાશિવરાત્રિ પર્વે શ્રી સોમનાથ યજ્ઞશાળામાં સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ દ્વારા શાસ્ત્રોક્તવિધિથી હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ કરવામાં આવ્યો. આજરોજ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પરિવાર સાથે શ્રી સોમનાથ મહાદેવના દર્શન, ધ્વજા પૂજા કરી શ્રી સોમનાથ મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં મહા શિવરાત્રિની

ભજનની જમાવટ કરવામાં આવી હતી તો સાંજના સમયે નાગનાથ મહાદેવની વરણાંગી શહેરનાં રાજમાર્ગો પર ફરી હતી.

નાગનાથ ઉપરાંત કામનાથ, ભીડભંજન, જીવન મુકતેશ્વર, સુખનાથ, બ્રહ્મેશ્વર સહિતનાં શિવાલયોમાં પણ ભારે ભીડ ઉમટી હતી. સમગ્ર શહેર શિવભકિતનાં રંગે રંગાયુ હતું તો જિલ્લાનાં તમામ તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો હતો.

**વડિયા**

સમગ્ર દેશ મહાશિવરાત્રીનાં પાવન પર્વને હર્ષ ઉલ્લાસ સાથે ઉજવે છે. ત્યારે સમગ્ર દેશના ગામડાઓમાં આવેલા શિવાલયોમાં આ દિવસે ઉજવણી રૂપી વિવિધ ધાર્મિક પૂજાના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે ત્યારે વડિયામાં આવેલા શિવલયોમાં પણ મહા શિવરાત્રીની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમા પીપળીયા રોડ પર સુરવો નદી કિનારે આવેલા બિલેર મહાદેવના મંદિરે કંથડનાથ મહાદેવ, ભીમનાથ મહાદેવ, સુરગેશ્નર મહાદેવ સહિતના મહાદેવના મંદિરે સવારથી જ ભકતોની ભીડ ઉમટતી જોવા મળી હતી. તો બપોરના સમયે દીપમાલા સાથેની મહા આરતીમાં શિવભકતો ભારે ભીડથી શિવાલય હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠયું હતુ. બિલેર મહાદેવ મંદિરમાં મહંત વિભૂતિનાથજી બાપુ, ભરતનાથજી બાપુ, કંથડનાથ મહાદેવ મંદિર રસિકગીરી બાપુ, ભીમનાથ મહાદેવ મંદિરની નિશ્રામાં મહા આરતી સાથે મોટી સંખ્યામાં શિવ ભકતોએ ભાંગનો મહાપ્રસાદ લઈને શિવમય બનતા જોવા મળ્યા હતા.

**ચલાલા**

દેવોનાં દેવ એવા શિવ ભગવાનની મહા શિવરાત્રીના પાવન પર્વમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીયા વિશ્વ વિદ્યાલય ચલાલા આયોજીત બાર જયોર્તિલિંગનાં દર્શન આજે સવારના આઠ કલાકથી અંબધામ મંદિરમાં ખુલ્લા મુકવામાં આવતા શહેરની ધર્મપ્રેમી જનતાનો અમુલ્ય દર્શન કરવા સવારથી જ પ્રવાહ ચાલું થઈ ગયો હતો. સાંજ સુધીમાં હજારો ધર્મપ્રેમી જનતા આ દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. સાંજના ૬ઃ૩૦ કલાકે જાહેર સમુહ આરતી યોજાશે તેમજ પૌરાણિક ભીમનાથ મહાદેવ મંદિરમાં આજ સવારથી જ ભાઈઓ–બહેનો દર્શન કરવા પ્રવાહ ચાલું થયો હતો. સવાર, બપોર અને સાંજની આરતી અને બપોરે હજારો ભાવીક ભકતજનોએ પ્રસાદ, ફરાળનો અમુલ્ય લાભ લીધો હતો તેમજ શહેરમાં આવેલ મહાદેવપરાપ મોચી બજાર, ફુલવાડી પ્લોટ, દાનેવ સોસાયટી, પૂજય દાનબાપુની જગ્યા, મારૂતી સોસાયટી, ધારી રોડ રેલ્વે ફાટક પાસે, સાંઈ મંદિર, ધારી હોડ પર જુનુ સાંઈ મંદિર સહિતનાં શિવ મંદિરોમાં આસ્થા અને ધામધુમપૂર્વક મહા શિવરાત્રનો પાવન પર્વ ઉજવાયો હતો. દરેક શિવ દેવળોમાં હર હર મહાદેવનાં નાદ સાથે દર્શનનો લાભ લીધો હતો.

**રાજુલા**

રાજુલા શહેરમાં આજે શિવરાત્રી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા રાજુલા ગોકૂલેર મહાદેવ મંદિરેથી શહેરના વિવિધ વિસ્તારમાં પ્રસાર થઈ અને અંતમાં કુંભનાથ મહાદેવ મંદિર સુધીનું આયોજન કરવામાં આવેલું. સમગ્ર આયોજન શિવ ઉત્સવ કમિટી તેમજ રૂદ્રગન રાજુલા દ્વારા આ આયોજન કરવામાં આવેલા. શોભાયાત્રામાં રાજુલા શહેરના ભાવિક ભકતો તેમજ રાજુલા વિ હિન્દુ પરિષદના તમામ હોદ્દેદારો તેમજ ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ માતાઓ–બહેનો સહિત આ શોભાયાત્રામાં સૌ કોઈ સામેલ થયેલ. જેમાં શિવભકતો દ્વારા શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને ડીજેના તાલ સાથે નાની બાળો ઓ દ્વારા રાસ ગરબાની રમઝટ, હર હર મહાદેવના નારા સાથે આ શોભાયાત્રા રાજુલા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલ હતી. રાજુલા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેલો. અંતમાં કુંભનાથદાદાના મંદિરે આ શોભાયાત્રા પૂર્ણ થયેલી અને શોભાયાત્રા પૂર્ણ થયા બાદ કુંભનાથ દાદાના મંદિરે મહાઆરતી કરવામાં આવેલ. બંદોબસ્તની સાથે સાથે રાજુલા પોલીસે ઊંઘના છો દાદાના મંદિરે આ મહા આરતીના દર્શનનો લાભ પણ લીધેલો.

**બગસરા**

બગસરા શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત મહાશિવરાત્રી નિમિત્તે પાલખીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સનાતન ધર્મ બગસરા દ્વારા મહાશિવરાત્રીના પર્વ આ પાલખીયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બગેર મંદિરથી શહેરના મુખ્ય માર્ગો પર પસાર થઈને ભૂતનાથ મહાદેવના સાંનિધ્યમાં આ પાલખીયાત્રાનું પૂર્ણાહુતી કરવામાં આવી હતી જેમાં બગસરાની તમામ સંસ્થાઓનો જેવી કે ચેમ્બર ઓફ કોમર્સ વેપારી મહામંડળ તેમજ કિરાણા એસોસિયેશન તેમજ બગસરાના તમામ વેપારીઓએ આ પાલખીયાત્રા દરમિયાન બંધ પાળેલ હતુ અને મહાદેવની આ પાલખી યાત્રામાં જોડાયા હતા. જયારે આ યાત્રા માં અનેક સેડો તૈયાર કરવામાં આવેલા હતા જેમાં આદિયોગી અને સ્વયંમ મહાદેવના આબેહૂબ પ્રતિકૃતિ કરવામાં આવી હતી અને નાનાં નાનાં બાળકો દ્વારા પણ ભગવાન મહાદેવ બનીને લોકોને મોહિત કર્યા હતા અને મહાદેવને પાલખીમાં બિરાજમાન કરીને બગસરાના મુખ્ય માર્ગો પર આ પાલખીયાત્રા ફરી હતી અને હતી તેમજ જાનજ પખાલ તેમજ ડીજેના તાલે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે લોકો દ્વારા આ યાત્રામાં ફુલોનો વરસાદ કરવામાં આવ્યો હતો અને એક અનેરો ઉત્સવ જોવા મળેલ હતો. પાલખી યાત્રાનું ભવ્યતી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં અલગ અલગ સંસ્થાઓ દ્વારા ફરાળ તેમજ ઠંડા પીણાના સ્ટોલો પણ લગાવવામાં આવ્યા છે અને લોકો દ્વારા મહાદેવની આ પાલખીયાત્રામાં જોડાયને જાણે ધન્ય બની ગયા હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

આવી પાલખી યાત્રા દરમિયાન સનાતન ધર્મ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને કરવામાં આવેલ અનુરોધમાં લોકો સ્વયંમ જોડાયા હતા અને આ આયોજનને ભવ્યતિ ભવ્ય કરવામાં આવ્યું હતું.

## ફાગણ મહિનામાં આખ ગીરને ખીલવતો ખાખરો



અમરેલી, તા. ૮

ફાગણ માસ વસંતનો વૈભવ સમો કેસૂડો અને ઘેઘૂર વનરાઈ કેસુડો શબ્દ સાંભળતા જ દિલમાં કેસરી રંગની છોળો ઉડવા લાગે એ કેસુડો. વૃક્ષનું નામ ખાખરો અને એના પર આવતા કેસરી રંગના ફૂલનું નામ કેસુડો, કેસુડો દરેકને આભાથી સુશોભિત ગીરકાંઠાના ગામડાઓ તથા જંગલ ચોક્કસપણે લાગ્યા છે. જો કે, કેસુડા વિશે વધુ વાત કરીએ તો કેસુડો ખાખરાના પાનમાંથી જમવા માટે પતરાળા બનાવવામાં આવે છે. પલાશના અસંખ્ય ઔષધીય ઉપયોગો છે. નવાબ સિરાજ-ઉદ-દૌલા અને ક્લાઈવ વચ્ચેના યુદ્ધને પ્લાસીનું યુદ્ધ કહેવામાં આવ્યું જે કોલકાતાથી થોડે દૂર આવેલ સ્થળ છે. આ જગ્યામાં પુષ્કળ ખાખરા (પલાશ)હોવાથી આ યુપ્રધને પ્લાસીનું યુદ્ધ કહેવામાં આવ્યું.આપણા ગીરની ટેકરીઓમાં સબંધીઓ સિંહતથા ખાખરો જોવા ગીરના સાસણમાં આવતા હતાં. સંત કબીરજીએ કહ્યું છે.કબીરજી પોતાની તરફ વતા ઓછા અંશે આકર્ષે જ છે. હવે ફાગણ મહિનામાં ગુજરાતના ગીરમાં ફરવા જાઓ ત્યારે તમારીનજર કેસુડાના ફૂલો પર ચોંટી જશે. આપણી ગીર કેસુડાઅને કેસરીથી જ વિભરમાં ઓળખાય છે. ફાગણમહિનામાં, પ્રકતિ તેના સૌથી સુંદર સ્વરૂપમાં હોય છે એમાંયકેસુડો સૌને મંત્રમુગ્ધ કરી દે છે. સિંદૂરની આપણને આકર્ષિત કરે છે. ગીરના લોકો હજ્જારો વર્ષો થી કેસુડાના ફૂલના કુદરતી રંગ બનાવીને હોળીનો તહેવાર ઉજવતા આવ્યા છે.એ આપણી ગીરસંસ્કૃતિનો એક ભાગ છે કેસુડાના ફૂલોમાંથી રંગો અનેગુલાલપણ બનવા માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશના વિવિધ ભાગોમાં જોવા મળે છે.તે હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બંગાળ, ઓરિસ્સામાં વધુ જોવા મળે છે. આપણા ગુજરાતમાં હું જયારે કેસુડો ખીલે છે ત્યારે લાગેજંગલમાં આગ લાગી છે. કહેવાય છે કે જયારે આપણને આઝાદી નહોતી મળી ત્યારે અંગ્રેજોના પલાશને એક સુંદર યુવાન સાથે સરખાવે છે, જે યુવાનીમાં બધાન.


**B.Pharm. Sem.-IV – સંકુલ પરિણામ**

**GTU ટોપટેનમાં સંકુલની કોલેજ પ્રથમ સ્થાને**

★ શૈ. વર્ષ ૨૨–૨૩ GTU પરિણામ 63% – જ્યારે સંકુલ પરિણામ 92%

સંકુલ રેન્કર ★ દસલાણી સંધ્યા – 9.00 ★ કાનાણી નેન્સી – 8.69

★ જાની સંજીવની – 8.62 ★ જાની કસીસ – 8.54 ★ જોષી વૈદેહી – 8.54

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળઃ– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad113


પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનો વિકાસ કરજો

બ્રોડગેજ લાઈન અમરેલીને નથી મળી, પીપાવાવ પોર્ટ સહિતનું કંપનીઓનું હબ ગણાતા રાજુલ–જાફરાબાદમાં રોજગારીઓ અમરેલી જિલ્લા વાસીઓને કે સ્થાનિકોને જોઈએ એ પ્રમાણમાં નથી મળી, જયારે દેશ આધુનિક યુગમાં પરીવર્તન થઈ રહ્યો છે, ટેલિફોનમાંથી મોબાઈલનો યુગ આવી ગયો છે, અંતરિક્ષમાં સફળતાના સ્વાદ ભારતીય તરીકે ગૌરવ અનુભવીએ તેવા સુખદ ક્ષણોના સાક્ષી બની શકીએ છીએ. પણ નેતાઓ તરીકે જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હજુ અમરેલી જિલ્લાને ગુજરાતના નકશામાં અલગ સ્થાન આપવામાં હજુ નિષ્ફળ નીવડયા હોવાનો વસવસો મતદાતાઓ મનોમન કોતરી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે, રોજગારી ક્ષેત્રે, રોડ રસ્તાઓ અને આરોગ્ય ક્ષેત્રે અમરેલી જિલ્લો હજુ ઘણો જ પાછળ છે. ત્યારે લોકસભાની ચૂંટણીઓ આવતી હોય ત્યારે મત મેળ વવા માટે આવતા નેતાઓએ અમરેલી જિલ્લાની જનતા માટે હવે વિચારવું પડશે તે વાસ્તવિકતાઓ સ્વીકારીને કામ કરવું પડશે બાકી ૭૫ વર્ષમાં અમરેલી જિલ્લો એક નવી ઊંચાઈ સુધી પહોંચાડવામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સુવિધાલક્ષી યોજનાઓ સાકાર હવે ૨૦૨૪ માં ચૂંટાઈ આવેલા સાંસદ કરી બતાવશે કે કેમ તે પણ મતદાતાઓ નક્કી કરશે.

અગાઉ અમરેલી લોકસભાની અગાઉની ચૂંટણીઓમાં નજર કરીએ તો ૧૯૭૧ માં પ્રથમ લોકસભાની ચૂંટણીમાં ડો. જીવરાજ મહેતા ચૂંટાઈ આવ્યા હતા બાદ બે વાર કોંગ્રેસ માંથી નવીનચંદ્ર રવાણીએ મેદાન માર્યુ હતું બાદ ૧૯૮૯ માં જનતાદળ માંથી ખેડૂત નેતા મનુભાઈ કોટડિયા વિજેતા બન્યા હતા. બાદ ૧૯૯૧થી ભાજપે અમરેલી લોકસભામાં પાયો નાખ્યો ને સતત ચાર ટર્મ સુધી એટલે કે ૨૦૦૪ સુધી અમરેલીનું પ્રતિનિધિત્વ દિલીપ સંઘાણીએ કર્યુ હતું ને ૨૦૦૪ માં કોંગ્રેસ ફરી બેઠી થઈ ને વિરજી ઠુમ્મર અમરેલીના સાંસદ બન્યા હતા. બાદ ૨૦૦૯થી સળંગ ત્રણ ટર્મ સુધી નારણભાઈ કાછડીયા ભાજપના સિમ્બોલ પર ચૂંટાઈ આવ્યા હતા ને હાલ ૨૦૨૪ ની લોકસભા બેઠકમાં કોણ કોણ મજબૂત દાવેદારો છે તેના પર નજર કરીએ તો ભાજપ હંમેશા કઈક નવું કરવામાં જાણીતું છે. કેમ કે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા અમરેલી માંથી લડશે તેવી અટકળો વહેતી થયેલી પણ કડવા પટેલનું પ્રભુત્વ વાળો વિસ્તાર રાજકોટ બેઠક પરથી તેઓનું નામ જાહેર થઈ જતાં હવે અમરેલી લોકસભા બેઠક પર નારણભાઈ કાછડીયાએ ટિકિટની માંગણી ચોથી વાર કરી છે. ત્યારે પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડ, દિલીપ સંઘાણીના નાનાભાઈ મુકેશ સંઘાણી ટિકિટ મેળવવા માટેના હાલના પ્રયત્નો લાગે છે. જયારે પ્રદેશ ભાજપ પ્રમુખ એકવાર ઘરે આવીને ચા–પાણી, નાસ્તો કરી ગયા બાદ બાવકુભાઈ ઉંઘાડ લાઈમ લાઈટમાં આવ્યા હતા, તો પ્રદેશમાં સારી પકડ ધરાવનાર ભાજપના નેતા અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા પણ સાંસદની રેસમાં હોવાનું સૂત્રો માંથી જાણવા મળે છે. સાથે અગાઉ જિલ્લા ભાજપના પ્રમુખ અને હાલ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રીની જવાબદારી નિભાવતા હિરેન હિરપરા પણ રેસમાં જોવા મળી રહ્યા છે જયારે ઈતર સમાજમાં નજર ભાજપ નાખે તો વડાપ્રધાન મોદીની ગુડ વીલમાં આવતા ડો. ભરત કાનાબાર પણ ઉમેદવાર તરીકે આવી શકવાની શકયતાઓ જોવાઈ રહી છે. પણ ભાજપ હંમેશા કલ્પનાઓ અને નામ કરતા પણ અલગ કરવામાં માહિર છે. ત્યારે રાષ્ટ્રીય ભાજપ કોના પર કળશ ઢોળશે તેની અટકળો તેજ છે. જયારે વિધાનસભામાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા બાદ પૂર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણી છેલ્લા ઘણા સમયથી સુષુપ્ત અવસ્થામાં ખેતીમાં લાગી ગયા છે ને જિલ્લા કોંગ્રેસ વિધાનસભાની ચુંટણી બાદ મૃતપાય અવસ્થામાં દફન થઈ ગયેલી જોવા મળી હતી. પણ જિલ્લા કોંગ્રેસનું સુકાન પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે સાંભળ્યા બાદ કોંગ્રેસમાં થોડી ચેતનાઓ આવી હોય તેવું લાગે છે. બાકી એકમાત્ર આખા બોલા નેતા વિરજી ઠુમ્મર સિવાય કોઈ કોંગી નેતાઓ લાઈમ લાઈટમાં નથી આવતા માત્ર ચૂંટણી સમયે દેખાતા નેતાઓમાંથી પર રહીને જનતા માટે અવારનવાર અવાજ ઉઠાવતા વિરજી ઠુમ્મર પ્રબળ લોકસભાના ઉમેદવાર મનાઈ છે તો જિલ્લા કોંગ્રેસનું પ્રમુખ પદ અને લોકસભાની ટિકિટ સાથેની કમીન્ટમેન્ટ લઈને આવેલા પ્રતાપ દૂધાત સિવાય અન્ય કોઈ નેતા કાંગ્રેસમાં વધુ મજબૂત નથી બતાઈ રહ્યા. પરેશ ધાનાણી ઉમેદવાર બનીને આવી શકવાની શકયતાઓ પણ નાની સુની નથી. જયારે મહિલા માં એકમાત્ર જેનીબેન ઠુમ્મર પક્ષ ટીકીટ આપે તો લડી શકે બાકી સામેથી ટિકિટ મેળવવા કે માંગવા જેની ઠુમ્મર જાય તેવું જણાતું નથી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં આજે શ્રી ડાયમંડ ક્રેડિટ

બટારવાડી, મન પ્લાઝા ખાતે આવતીકાલ સવારે ૧૦ કલાકે યોજાનારા ઉદઘાટન કાર્યક્રમમાં નાયબ દંડક વેકરિયા, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, વિરજી ઠુંમર, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, યુવા અગ્રણી મનિષ સંઘાણી પણ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં આમંત્રિતોને ઉપસ્થિત રહેવા લલિત ઠુંમરે અનુરોધ કરેલ છે.


''અમરેલી એકસપ્રેસ''

**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**

''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


# લીલીયા મુકામે પાંચમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો







'રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈ તરફથી આર્થિક સહયોગ લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના મહત્વના પ્રોજેક્ટ અંધત્વ નિવારણ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી પાંચમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા.૦૭–૦૩–૨૦૨૪ ને ગુઢવાર સવારે ૯–૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટ્ય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયા દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોક્ટર દર્શિતભાઈ ગોસાઈ અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૪,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૫૨ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૫ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. ઉમિયાધામ લીલીયા મુકામે આંખની તમામ પ્રકારની વિનામૂલ્યે સારવાર અને આપરેશન દર મહિનાના પહેલાં ગુરૂવારે નિષ્ણાત ડૉક્ટરની ટીમ દ્વારા કરી આપવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયાના નેજા હેઠળ લાયન પ્રા.એમ.એમ.પટેલ, લાયન રમેશભાઈ ગોલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, શાંતિભાઈ ટી. ધામત, મુકેશભાઈ સેખલીયા, વશરામભાઈ પરસોત્તમભાઈ ધામત, મગનભાઈ ભીખાભાઈ ધામત, ભગવાનભાઈ શેખલીયા, બટુકભાઈ ધામત, જીવરાજભાઈ વામજા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી નિલેશભાઈ ભીલ, બહાદુરભાઈ ભટ્ટ, હિંમતભાઈ કાછડીયા, નર્સિંગ સ્ટાફ જુલીબેન ગોંડલીયા, જીજ્ઞાબેન ડાભી, હેતલબેન સોલંકી, ઉર્વીશાબેન વ્યાસ, ધારાબેન પરમાર, ખુશબુબેન સૌધરવા, ઝુનઝુનબેન બેરડીયા, દેવાંગીબેન ગોહિલ વગેરે તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી તેમ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી લાયન ઋજુલભાઈ ગોંડલીયાની યાદી જણાવે છે.

# બાબરા : અમરાપરા બ્રાન્ચ શાળાનું પુ. ઘનશ્યામદાસ બાપુની ઉપસ્થિતિમાં થયું લોકાર્પણ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા

બાબરા તાલુકાની અમરાપરા બ્રાન્ચ શાળાનું લોકાર્પણ કરાયું..રૂ ૫૮ લાખ ના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળા નું પૂજય ઘનશ્યામદાસબાપુની ઉપસ્થિતી માં ધારાસભ્ય જનકભાઈ તલાવીયા દ્વારા લોકાર્પણ કરાયું.બાબરામાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત અમરાપરા બ્રાન્ચ શાળા નું અદ્યતન બિલ્ડીંગ નું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસબાપુની પાવન ઉપસ્થિતી માં લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તલાવીયા દ્વારા શાળા બિલ્ડીંગ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું રાજય સરકાર દ્વારા રૂ. ૫૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ પ્રાથમિક શાળામાં આધુનિક લેબ અને ફાયર ફાયટર ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જૂની બિલ્ડીંગ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને હવે નવી શાળા તેમજ અન્ય સુવિધા સાથેનું આધુનિક બિલ્ડીંગ અભ્યાસ માટે મળતા વાલીઓ અને વિદ્યાર્થીઓ આનંદ ની લાગણી પ્રસરી ગઈ હતી આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તલાવીયા,પૂજય ઘનશ્યામ દાસ બાપુ, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ટીપીઓ સોનિયાબેન કોટડીયા,તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અજયભાઈ હુદડ, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા,તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા,જિલ્લા ભાજપ અગ્રણી વનરાજભાઈ કોઠીવાળ, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, રમજાન ભાઈ જીવાણી,બી આર સી નીતિનભાઈ રાઠોડ, ભુપતભાઈ બસિયા,સહિત તાલુકા અને નગરપાલિકા ના ભાજપના સભ્યો અને મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કરોડો રૂપિયાના ખર્ચે માર્ગો બનાવવાનુ શરૂ

## વડિયા પંથકમાં જુદા-જુદા વિકાસ કાર્યોનો ઉત્સાહ ભેર પ્રારંભ કરતા નાયબ દંડક

### સ્થાનિક આગેવાનો અને ગામજનો ઉપસ્થિત રહ્યા

વડિયા, તા. ૮

જંગર થી અમરાપુર વચ્ચે નો રોડ સાડા છ કરોડ ના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા જયારે બાંભણિયા થી જુના બાદલપુર રોડ સવા ચાર કરોડ રૂપિયા ના ખર્ચે તૈયાર થશે વડીયા તાલુકાના બામણીયા થી બાદલપુર રોડ સાડા છ કરોડના ખર્ચે ખાતમુર્હુત કરવામાં આવ્યું. તેમજ નાની કુંકાવાવ ૧૬ લાખના ખર્ચે બ્રિજનું ખાતમુરત કરવામાં આવ્યું જંગલ ગામે જંગરથી અમરાપુર જવાના રોડનું ખાતમુર્હુત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કેશિકભાઈ વેકરીયા દ્વારા કરવામાં આવ્યું હતુ.



આત કે જુના બદલપુર ના સરપંચ અશોકભાઈ ભુવા,બાંભણિયા સરપંચ લાલજીભાઈ ભુવા જિલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ જલ્પેશભાઈ મોવલીયા તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવીણભાઈ માંગરોળીયા જંગર સરપંચ વિપુલભાઈ વસાણી ઉપ સરપંચ ભરતભાઈ વસાણી પી. વી. વસાણી જીગર સેજપાલ પ્રતિક હરખાણી સહિતના ગ્રામજનો સાથે મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કલેકટર અજય દહિયાની ઉપસ્થિતિમાં

## અમરેલી : દિશા કમિટીની બેઠકમાં કેન્દ્ર સરકારની યોજનાની સમીક્ષા કરાઈ

### સાંસદ તેમજ અન્ય અધિકારીઓ જોડાયા



અમરેલી, તા. ૮

કલેકટર કચેરીખાતે કલેકટર અજય દહિયાની ઉપસ્થિતિમાં જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરીંગ કમિટી (દિશા)ની બેઠકમાં કેન્દ્ર સરકારની વિભિન્ન જનકલ્યાણકારી યોજનાઓની સિધ્ધિ અંગે સાંસદ વ કમિટીનાં ચેરમેન નારણભાઈ કાછડીયાએ સમીક્ષા કરી તાગ મેળવેલ હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પંડયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં ડીરેકટર જાડેજા, દિશા કમિટીના સદસ્યો દિપકભાઈ માલાણી, જયાબેન મધુભાઈ ગેલાણી, ચેતનભાઈ માલાણી, મોનિકાબેન હિરેનભાઈ કાછડીયા, દેવેન્દ્રભાઈ ધાધલ, વિરજીભાઈ બોરીચા સહિતના પદાધિકારીઓ તેમજ તમામ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૮૧ "અભયમ" મહિલા હેલ્પલાઈનના ગુજરાતમાં સફળતા પુર્વક ૮ વર્ષ પુર્ણ

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૯ વર્ષમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં સલાહ, સુચન, મદદ માર્ગદર્શન માટે ૨૨૬૩૩ કોલ આવ્યા


### છેલ્લા ૯ વર્ષમાં અંદાજે ૧૩.૯૯ લાખથી વધુ મહિલાઓને સેવા આપી ૧૮૧ અભયમ હેલ્પલાઈન ખરા અર્થમાં મહિલાઓ માટે સંકટ સમયની સાથી બની

અમરેલી તા. ૮

અમરેલી તા.૦૭ માર્ચ, ૨૦૨૪ (ગુરૂવાર) ગુજરાત રાજયની વિશેષતા એ છે કે પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરી લોકોને સરળ તાથી યોજનાઓનો લાભ પહોચાડી શકાય તેવા અનેક સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવ્યા છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે "મહિલા હેલ્પલાઈન" ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજય મહિલા આયોગ અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજયવ્યાપી "૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન" શઢ કરવામાં આવી હતી.

રાજયની મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે સુદ્રઢ બનાવવા હંમેશા ચિંતિત અને પ્રયત્નશીલ રહેતી રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે "સેફ સિટી" પ્રોજેક્ટ હેઠળ રાજયના વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટા અંને આર્થિક-કેપિટલ એવા અમદાવાદ શહેરમાં ખૂબ જ ઓછા સમયમાં રેસ્ક્યુવાનની સેવા મળી રહે તે હેતુથી નવી કુલ-૧૨ અભયમ રેસ્ક્યુવાનને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન હેઠળ તા:૦૫/૦૩/૨૦૨૨૩ નાં રોજ મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ છે. આમ, સમગ્ર દેશમાં ગુજરાત આગવી પહેલ કરનાર પ્રથમ રાજય બન્યું છે.

જેમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન હેઠળ કુલ ૫૯ રેસ્ક્યુવાનનો કાફલો ૨૪×૭ મહિલાઓની સલામતી અને સુરક્ષાની કામગીરીમાં કાર્યાન્વિત



છે.ભાનુબેન બાબરીયા, માન.મંત્રી મહિલા અને બાળ વિકાસ વિભાગનાં વરદ હસ્તે સ્માર્ટ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પેપરલેસ કાર્ડ "સિસ્ટમનું લોકાર્પણ ૦૬ માર્ચ ૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે.

જેના થકી સમગ્ર દેશમાં ગુજરાત રાજયની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના રિસ્પોન્સ સેન્ટરના અદ્યતન કાર્ડ સિસ્ટમના માળખા સાથે અભયમ રેસક્યું વાનને જોડીને પેપરલેસ કાર્ડ સીસ્ટમ સાથેની કાર્ય પ્રણાલી સહિત ડિજિટલ દસ્તાવેજોની સાચવણી કરવાની ટેક્નોલાજી સભર પહેલ કરનાર પ્રથમ રાજય બન્યુ છે. માત્ર ૦૯ વર્ષનાં ટુંકા સમય ગાળામાં જ ૧૩,૯૯,૭૬૧ થી વધારે મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ, માર્ગદર્શન પુઢં પાડવામાં આવ્યું છે.અને ૧૮૧એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલરે જઈને ૨,૮૧,૭૬૭ જેટલા મહિલાને મદદ પુરી પાડી છે. ૧,૭૭,૪૨૧ જેટલા કિસ્સામાં સ્થળ ઉપર જ સમાધાન કરી કેસનો નિકાલ કરેલ છે. ૮૬,૦૬૨ જેટલી મહિલાઓના ગંભીર પ્રકારના કિસ્સામાં ઘટના સ્થળ ઉપર જઈને રેસક્યું વાન દ્વારા રેસક્યું કરીને લાંબાગાળ ાના કાઉન્સિલિંગ માટે સરકારની અન્ય સંસ્થાઓ સુધી પહોચાડવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં છેલ્લા ૦૯ વર્ષમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં સલાહ,સુચન, મદદ-માર્ગદર્શન માટે ૨૨૬૩૩ કોલ આવ્યા છે. આ પ્રસંગે જશવંત પ્રજાપતિ ચિફ ઓપરેટિંગ ઓફીસર, ઈએમઆરઆઈ જીએચએસએ ગુજરાતીઓને શુભકામના આપતા જણાવેલ કે "૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ગુજરાત સરકાર દ્રારા મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં એક ખુબ મહત્વની સેવા તરીકે સાબિત થઈ છે. આ સેવાથી મહિલાઓને કટોકટીની પળોમાં તાત્કાલીક પ્રતિસાદ આપી મુંજવણ અને મુશ્કેલ પરિસ્થિતિમાં એક સ્વજનની જેમ સાથે રહી મહિલાને મદદ મળતી હોવાથી ગુજરાતની મહિલાઓમાં અનેરો વિાસ પ્રસ્થાપિત કર્યો છે. આજના દિવસે તેઓએ ગુજરાત સરકારનો આભાર માનવા સહ ગુજરાતમાં ૨૪×૭ કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમની સરાહના કરતાં જણાવ્યું કે સમગ્ર દેશમાં એક અભિનવ હેલ્પલાઈન તરીકે પ્રસ્થાપિત થયેલ છે તેમજ મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણની દિશામાં ગુજરાતએ શ્રેષ્ઠ ગુણવત્તાનું 'આદર્શ રાજય' બનવા પામેલ છે." ૧૮૧ હેલ્પલાઈનની વિશેષતા મહિલાઓ સામે થતી ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને સલાહ-સુચનની કામગીરી હાથ ધરવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાને તાત્કાલિક સહાય આપી છે. ૧૦૮ની સેવા તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરી ૨૪ કલાક સેવાઓ આપતી હેલ્પ લાઈન કાર્યરત કરી છે. પીડિત મહિલાને ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ અને માર્ગદર્શન પૂઢં પાડવું તેમજ મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓની પ્રાથમિક માહિતી પૂરી પાડવી.

### યુવા પત્રકાર અને એન.સી.સી. અંડર ઓફીસર સાજીદ કુરેશીનું બહુમાન

## સાવરકુંડલા : કાણકિયા કોલેજમાં વાર્ષિકોત્સવના બીજા ચરણમાં ઈનામ વિતરણ સમારોહ યોજાયો

સાવરકુંડલા,તા. ૮

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકીયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજમાં ૫૩મો વાર્ષિકોત્સવ અંતર્ગત આજરોજ ભવ્ય ઈનામ વિતરણ સમારોહનું આયોજન થયેલ વાર્ષિકોત્સવના આ સમારોહમાં શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સમારોહના અધ્યક્ષ સ્થાને મહેશભાઈ કસવાલા ધારાસભ્ય તથા વોરા ડી.વાય.એસ.પી, મેહુલભાઈ ત્રિવેદી પ્રમુખ સાવરકુંડલા નગરપાલિકાના અતિથિ વિશેષ પદે દીપ પ્રાગટ્ય દ્વારા સમારોહને ખુલ્લો મુકાયો હતો.નૂતન કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી જયંતીભાઈ વાટલીયા, વિભાગીય ટ્રસ્ટી એ.ડી. રૂપારેલ, ટ્રસ્ટી કનુભાઈ ગેડીયા. કારોબારી સભ્ય અષ્ટકાંતભાઈ સૂચકે તમામ ઉપસ્થિત મહેમાનોનું ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરેલ. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના કોલેજના સંસ્મરણો યાદ કરી ભવિષ્યની સોનેરી કેડી કંડારવા સૌને મહેનતથી લાગી પડવા જણાવ્યું હતું. સાવરકુંડલા શહેર તથા તાલુકાના વિકાસ અંગેની પણ તેમણે વાતો



કરેલ.ડીવાયએસપી વોરા એ કહ્યુ કે,પોલીસ મિત્ર તરીકે હંમેશા તેઓ વિદ્યાર્થીઓના હિતમાં કામ કરે છે. ઈનામ વિતરણના સમારોહમાં સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ મેળવેલ શૈક્ષણિક તેમજ ઈત્તર પ્રવૃત્તિઓમાં સિદ્ધિ બદલ શિક્ષણ, સાહિત્ય, કલા,સ્પોર્ટ્સ તેમજ અન્ય પ્રવૃત્તિઓ અન્વયે કુલ ૨૮૦ વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવેલ. જેમા એનસીસી ક્ષેત્રે ઉમદા દેખાવ બદલ યુવા પત્રકાર સાજીદ કુરેશીનુ ડીવાયએસપી વોરા ના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતુ. સમગ્ર સમારોહ કોલેજના પ્રિ.ડો.એસ.સી.રવિયાના માર્ગદર્શન અને આયોજન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયેલ. આજના સમારોહનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રા.રીંકુબેન ચૌધરી તથ ડો.પ્રા. આશિષભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ તેમજ આભાર વિધિ ડો.પ્રા.પુષ્પાબેન રાણીપાએ કરેલ.ભોજન સહિતના આ બંને દિવસના સમારોહમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉમંગ ઉત્સાહ સાથે વાર્ષિકોત્સવની ઉજવણી કરેલ. સમગ્ર સમારોહને સફળ બનાવવા કોલેજના તમામ સ્ટાફ ગણે વિશેષ જહેમત ઉઠાવેલ.

### ધારાસભ્ય તળાવીયાની રજુઆતથી

## દામનગર-ઠાંસા માર્ગ ઉપર આવેલ બ્રિજ માટે રૂા. ૨.૫૦ કરોડ મંજુર

### સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૮

લાઠી બાબરા વિધાનસભા ના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા રાજય સરકારને વિસ્તારના સર્વાંગી વિકાસ માટેની રજૂઆતો સતત કરવામાં આવી રહી છે.

જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ હયાતનાળા અને કોઝવે બન્યાને વર્ષો થઈ ગયા હોવાથી બધા જ નાળા અને પુલિયાને નવા બનાવવા કે રીપેર કરવાની જરૂરિયાત ઊભી થવાથી જે બાબતને ગંભીરતા પૂર્વક હાથ પર લઈ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી ને રજૂઆત કરેલ આ રજૂઆતને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગંભીરતા સમજી આવા કામોને મંજૂરી આપી છે.

જનકભાઈ તળાવીયા પોતાના વિધાનસભા વિસ્તારને વધારે વિકાસશીલ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે તેઓના વિધાનસભા વિસ્તારના લોકોને રોડ રસ્તા કે બીજા વિકાસના કામો હોય સતત પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે હાલ તાજેતરમાં જનકભાઈ તળ ાવીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી જે બાબતે દામનગર ઠાસા રોડ ઉપર દામનગર પાસે આવેલ કોઝ વે તૂટી ગયેલ હોવાથી નવો માઈનોર બ્રિજ ૮ સ્પાન, પ્રોટકશન દિવાલ બનાવવા માટે રૂપિયા ૨ કરોડ ૫૦ લાખ મંજુર કરવામાં આવેલ છે આ પુલ નું કામ મંજૂર થતા સ્થાનિક લોકો દ્વારા ખુશી ની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા નો આભાર માનવામાં આવ્યો હતો.

## જિલ્લાનાં શિવાલયોમાં વ્હેલી સવારથી જ શિવભક્તોની ભીડ ઉમટી

# ૐ નમઃ શિવાય : અમરેલી જિલ્લામાં મહા શિવરાત્રિની આસ્થાભેર ઉજવણી

સમગ્ર સૌરાષ્ટ્રમાં સુપ્રસિધ્ધ થયેલ નાગનાથ મહાદેવ મંદિરમાં એક દિવસમાં હજારોની સંખ્યામાં શિવભક્તોએ દર્શન કર્યા

મહાઆરતી, લઘુરૂદ્ર યજ્ઞ, શોભાયાત્રા, સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાયા

બાબરા, ચલાલા, રાજુલા, સાવરકુંડલા, ધારી, બગસરા સહિત તમામ વિસ્તારોમાં શિવ વંદના કરાઈ

જિલ્લાની જનતા જનાર્દને શિવમય બનીને ભગવાન શિવની પૂજા-અર્ચના કરી



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં આજે મહા શિવરાત્રિ પર્વની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાનાં શિવાલયોને નવોઢાની જેમ શણગારવામાં આવ્યા હતા. મહા આરતી, લઘુરૂદ્ર યજ્ઞ, શોભાયાત્રા, સંતવાણી, ભોગ પ્રસાદનું વિતરણ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરમાં વ્હેલી સવારે ૬ વાગ્યે આરતીથી દર્શનનો પ્રારંભ થયો હતો. સવારનાં ૮, બપોરનાં ૧૨, સાંજના ૭:૩૦ અને ૮ તેમજ રાત્રિનાં ૧૨ વાગ્યે મહા આરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શિવભકતો ઉમટી પડયા હતા.

નાગનાથ મંદિરનાં પટાંગણમાં હોમાત્મક યજ્ઞનું આયોજન કરાયું હતું. તો રાત્રિના સમયે વિમલ મહેતા અને પ્રયાગ મહેતા ધ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર

### મંદિરે દર્શન કરી રિક્ષામાં પરત ફરતા હોય

# ઉનાનાં નાળિયા માંડવી ગામે માર્ગ અકસ્માતમાં મહિલાનું મોત નિપજયું

### અન્ય મુસાફરોને સારવાર અર્થે ખસેડાયા

ઉના, તા. ૮

ઉના નજીક મહાદેવના મંદિરે દર્શન કરી રિક્ષામાં પરત ફરતા પરિવારને નાળિયા માંડવી ગામે અકસ્માત નડતા મહિલાનું નીપજયું મોતલ જયારે અન્ય મુસાફરોને સારવાર અર્થે ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર અરવિંદભાઈ નથુભાઈ રહે ઘોઘલા જિઈ દિવ વાળાઓ તેમજ પરિવારના સભ્યો શિવરાત્રીનો તહેવાર હોવાથી ઉનાના દેલવાડા નજીક આવેલ ગુપ્ત પ્રયાગ પાસેના રત્નેર મહાદેવ મંદિરે દર્શન કરી દીવ તરફ જઈ રહેલ હોય ત્યારે ઉનાના નાળિયા માંડવી ગામ નજીકની ધાર્મિક જગ્યા પાસે પહોંચતા રોડ વચ્ચે બકરી આડે ઉતરતા જીજે ૩૨ વી ૦૫૬૩ નંબરની રીક્ષા ના ચાલક સાજીદભાઈ રહે નાળિયા માંડવી વાળાઓએ પુર ઝડપે રીક્ષા ચલાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા રીક્ષા પલટી ખાઈ જતા ચંદ્રાબેન હરીચંદ્રભાઈ બારીયા ને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે કમ કમાટી ભર્યુ મોત નીપજયું હતું જયારે અન્ય મુસાફરોને શરીરના ભાગે નાના મોટી ઈજાઓ થતા ઉનાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જયારે અકસ્માત સર્જનાર રીક્ષા ચાલક સાજીદ રીક્ષા મૂકી નાસી જતા રીક્ષા ચાલક વિરૂદ્ધ મૃતકના પરિવારે ફરિયાદ નોંધાવતા ઉના પોઈસબઈઈન્સઈ આરઈએચ સુવાએ વધુ તપાસ હાથ ધરી હતી.












### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં વરદ્‌હસ્તે


# અમરેલીમાં આજે શ્રી ડાયમંડ ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લી.નો વિધિવત પ્રારંભ

### નાયબ દંડક, પૂર્વ ધારાસભ્યો સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૮

અમરેલીમાં આવતીકાલે શ્રી ડાયમંડ ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટી લી.નો પ્રારંભ ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં વરદહસ્તે થઈ રહ્યો છે.

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)